સરોદે તવારીખ

યાને ૩૭૪૨

ઇતિહાસનો સંગીત સાર.

બનાવનાર

જમશેદજી મનચેરશાહ ખીલીમોરીઆ

'સરોદે ચમને નશિહત' તથા 'ગોલાબસીંગ' ના

કર્તા

'Lives of great men all remind us
We can make our lives sublime
And departing leave behind us'
Footprints on the sands of time—Long fellow.

મુંબઇ:

'રીપન' પ્રીંટીંગ પ્રેસ, કાલબાદેવી.

૧૮૮૯.

કીંમત આના છ.

(૯) ગ્રંથપાલશ્રી,
કોપીરાઈટ વિભાગ,
ગુજરાત વિદ્યાપીઠ,
આશ્રમરોડ,
અમદાવાદ-૩૮૦ ૦૧૪.

rom :
ecretary,
UJARAT GRANTHALAYA-SEVA SANGH
xminarayan Sc ety, Shantinagar S ety, Usmanpura,
h, Road, Ar

સરોદે તવારીખ

યાને ૩૭૪૨

ઇતિહાસનો સંગીત સાર.

બનાવનાર

જમશેદજી મનચેરશાહ બીલીમોરીઆ

'સરોદે ચમને નશિહત' તથા 'ગોલાબસીંગ' ના

કર્ત્તા

'Lives of great men all remind us
We can make our lives sublime
And departing leave behind us'
Footprints on the sands of time—Longfellow.

મુંબઇ:

'રીપન' પ્રીંટીંગ પ્રેસ, કાલબાદેવી.

૧૮૮૯.

કીંમત આના ૭.

સરોદે તવારીખ

યાને

ઇતિહાસનો સંગીત સાર.

તવારીખ.

કલ્યાંણ.

(બીન યાર ગમ ખ્વાર કોઇ નહીં—એ રાહ.)

તવારીખ છે ભાઇ રૂડી ઘણી,
શિખવે શિખામણ નીતિ તણી.—૧.

જાણો રે કાહાંણી રસીયા રાજનની,
વાતો શૂરા જનની. ૨.

દેખાડે સાર તમને નેકાનો,
બદી બુરાં ફનની. ૩.

રીતી રે લોક જન તન મન ધનની,
વતન ગુલશનની. ૪.

આલફ્રેડ ધી ગ્રેટ.

કાફી—ગજલ.

(તુમ ચલે કફની પહેરકે—એ રાહ.)

રૂડો ચતુર બ્રિટનનો 'આલફ્રેડ' ગુણી રાય.—૧.

આઠસો ઓગણપચાશમાં જન્મ્યો 'બર્ક શાયર'
'એથૅલ વુલ્ફ વૅસૅકસ'નો પુત્ર ચોથો ગણાય.—૨.

મળ્યું તાજ બ્રિટનનું આઠસો ઇક્કોતેર,
'હેન્સ' જનોથી બહુ આવી પડયો ખતા માંહે.—૩.

નાશી ગયો 'અઁથેલની' એક ગોવાળ્યાને ઠામ,
મળ્યાં કેક ભુજવા ત્યાં તે બલી રાખ થાય.—૪.

બની ગવૈયો પછી ગયો શત્રૂ છાવણીમાં,
ધાર્યું શતરૂ યુદ્ધ કળા ત્યાં તો શિખાય.—૫.

ગયો 'હેન્સ' હણવા કાજ આઠસો ઇઠોતેર,
જંગ 'ઇથેન્ડયુન' માં ફત્તે ભલી થાય.—૬.

જીંદગી વખત ગુજાર્યો બહુ રૂડી રીતથી,
સાલ નવસો એક ગુણી રાજ ખતમ થાય.—૭.

મહમદ ઘઝનવી.

ફારસીઆ—ગજલ.

(ઇશ્ક વોહ આતશે સોજાં—એ રાહ.)

દાના અઝીઝ ઘઝનીકા 'મહમુદશાહ' સુલતાન થા,
કીયા જંગ 'હિન્દ' મે અજબ લૂટકા સામાન થા.—૧.

કીયા ગઝબ સીતમ હાએ 'સોમનાથ' કે જંગમે,
બુત તોડા વહાંકા—સબ દેખકે હયરાન થા.—૨.

કીયા તારાજ 'કનોજ' ઔર લૂટા ગોકુલ 'મથુરા,'
ઝર ખઝાનાસે 'ઘઝની' આરાસ્તા મકાંન થા.—૩.

થાજી ગુલામાન બહોત ઔર અઝીઝ 'અયાઝ' એક,
'ફીરદોસી' 'શાહાનામે' કા 'શાએરે જેહાંન' થા.—૪.

ઊમરાવો થૉમસ બેકેટને મારી નાંખતાં ગાયછે.

કાફી—પદ. દીપચંદી.

(ઘુંઘટકા પટ ખોલ—એ રાહ.)

મરવાને થા તેયાર—મુજી ઓ,
તું પાંમી સજા રે—મરવાને.—૧.

પજવે તું શાનને ઉભો રે બચ્ચા,
આવી કજા બદકાર—મુજીઓ.—૨.

કેમ નહીં કાઢીએ ભેજું રે તારૂં,
આવે હમ કેહેર અપાર—મુજીઓ.—૩.

પહેલો રીચર્ડ બંધીખાનાંમાં ગાય છે.

કાફી—ગજલ.

(ઝપક બતાકે મુજે દીલ રૂબાને—એ રાહ.)

હતો હું રે શાહા કાલ થયું આજ મુકામ શું,
જર લોભમાં ફસેલાં આદમે કર્યું કામ શું.—૧.

નસીબનાં ચોપટમાં પડે ઘડીમાં બાર ઘડી રેનાં,
છ ઠે તરીયા પાવથી દાવ હારે તેની હામ શું.—૨.

જોબન પરપોટો છે ભાઈ ફુટી જાશે પલમાંરે,
સંસાર જફા છે રે જેને પીએ સુખની જામ શું.—૩.

જીંદગીના ગુલશનમાં જો ગુલ સરવે કરમાઈને,
અંધારૂં થયું તો 'ચમન' જાણે સુબો શામ શું.—૪.

જોન ઓવ આર્કની બાહાદુરી.

સીંહાનો કાનડો.

(ગ્રહણ કરૂં આપો સ્નેહ—એ રાહ.)

'જોન ઑવ આર્ક' ધન રે નૃપ તનની,
ગોરી ગામડેનાં 'ફ્રાન્સ' વતનની.—૧.

આવી રાય સમક્ષ જેમ વીર સમ રે,
ઇંગ્રેજ હણ્યા રે કળાથી રણની.—૨.

'છોડી ઑરલીયન્સ' તણું ઉપનામ,
ભસ્મ થઇ કળી વૃક્ષ 'ચમન' ની.—૩.

રોઝની લડાઈ.

ઈંજોટી—*Lucy Neil—air.*

થયો દેખાવ નાશકાર બ્રિટન દુઃખ જનક,
સાલ ચૌદસો પંચાવનથી પંચીઆસીજ તક.

કોરસ. { 'રોઝ' ની લડાઈ, 'રોઝ' ની લડાઈ,
ખુન વહ્યું હજારો કાંઈ અમીરોનું ભાઈ.—ટેક.

'છઠ્ઠા હેનરી' ની બીમારી—'રીચર્ડ' લાવ્યો હક,
'ત્રીજા ઍડવર્ડ' ના બેટા 'લાયોનલ' થી બેશક.—કોરસ.

થયો રક્ષક બ્રિટન રાજનો ચૌદસો ચોપણમાં,
થયો 'હેનરી' સાજો—આવ્યો 'રીચર્ડ' રણમાં.—કોરસ.

ફરતા હતા બાગમાં કેટલાક અમીર નામદાર,
કરી હક રાજ ગાદી વિષે તકરાર.———કોરસ.

'રીચર્ડ યૉર્ક' પક્ષ જેઓ નિશાન ગુલાબ સફેદ,
ગુલાબ રાતો તે તો જાણો 'લૅંકેસ્ટર' ભેદ.—કોરસ.

પહેલી લડાઈ 'સેંટ ઑલબન્સ' થઈ 'લૅંકેસ્ટર' હાર,
'બ્લોરહીથ' 'નૉરથેમ્પ તન' પણ 'યૉર્ક' વિજય સાર.—કો.

'રાણી માર ગારેત' આવી 'વેક ફીલ્ડ' મેદાન,
લડી શુરાતનથીરે—મુવો 'યૉર્ક' નાદાન.—કોરસ.

'મૉરતીમર્સ ક્રૉસ' બેટા 'યૉર્ક' ની ફત્તે,
નહીં ફાવ્યો 'બીજી ઑલબન્સ' 'મારગારેત' થી તે.—કોરસ.

'તાઉતન' 'હેજલીમુર' 'હેકઝામ' હાર્યા 'લૅંકેસ્ટર'
'બારનેત' 'ટ્યુ કેસબરી' માં કપાઈ ગયા સર.—કોરસ.

'રીચમન્ડનો અર્લ હેનરી' આવ્યો 'બૉઝવર્થ' જંગ,
મુવો 'રીચર્ડ ત્રીજો' ફર્યો બ્રિટનનો રે રંગ.—કોરસ.

'રીચમન્ડ' થયો રાજા 'સાતમો હેનરી' 'લૅંકેસ્ટર,'
આવ્યો અંત વેર જંગ અમીર રે આખર.—કોરસ.

રીચર્ડ ડયુક ઑાવ ક્લેરન્સ ખુનીઓને કાલાવાલા કરે છે.

ભેરવી—ગરબી.

(કંઈ દયા કરોરે દયા.—એ રાહ.)

"કંઈ દયા કરોરે દયા કરો,"
શું ગુનાહ થયો જાહેર કરો,
નિર્દોષ મારી ન પાપ હરો.——૧.

શું કાયદે મારો તે તો કહો,
પજવી ખુદા ન દુઃખ સહો,
હાથ ઉઠાવી પાક રહો. ૨.

જાઈ એ જરતો જાઓ જાઓ,
'ગ્લુસ્ટર' સંગ હાજર થાઓ,
સુનો મુખથી ઈનામ પાઓ. ૩.

દયા કરો નહીં અહો હેવાન,
કરો કુ કર્મ રે શયતાન,
દીસો જાહેરથી રંક નાદાન. ૪. (શેકસપિયરમાંથી.)

ખુનીઓ તેને ધમકાવીને મારી નાંખે છે.

યમન કલ્યાંણ—પદ (તાલ અદો.)

(રટ તું શ્રી હરી રસના—એ રાહ.)

ચુપ તું રહે બાળ નાદાન,
પાછળ ફરી તું નજર દુર કર હમથી ડર—ચુપ.

ફેંડીએ ખુન તુજનું,
પીપમાં ગબડી હવે મર ચશ્મ ભર આશ જીગર.—ચુ૦

(શેકસપિયરમાંથી.)

ત્રીજો રીચર્ડ ઊંઘમાંથી ચોંકી ઊઠે છે.

કેદારો—તીલાણો (તાલ એકકો.)

(દાની રે તદેરના દેરના દેરના—એ રાહં.)

લાવો રે રક્ષ મુજ બાંધો ઝખ્મ તમ દયા રે કરી,
હદય ધીચકારાં, કાં રે મુજનેજ દુઃખ દે,

મંદ પેલી શેરની, બુજાવે કોણ હું રે?
હા—ના—હું તો હું છું; દુષ્ટ? હારે? નથીજ? હું.—લાવોરે.
ખુન? ખુન? ખુન? અરરરર રરરર,
નાપાક મુંગો મર મર મર,
થાય કજા જો, ના રેહેમ તો, કાલ આવશે આફતસર.—લાવોરે.

(શેકસપિયરમાંથી.)

ક્રીસ્તોફર કોલમબસ—અમેરીકાની શોધ.

જીલ્લો આસાવરી—ઠુમરી.

(અપને શાહાજાદે આલમ કે લીયે—એ રાહ.)

ધન ધન ક્રીસતોફર કોલમબસ, ધન ધન તું જની હામરે.—૧.
ચૌદસો પીસતાલીશ જન્મયો 'જીનોઆ,' કાઢવા મોહું નામરે.—૨.
કર્યો વિચાર 'એક ખંડ હશે,' 'આંટલાંટીક' પેલે ઠામરે.—૩.
'પોર્ટુગાલ' 'જીનોઆ' એ કાંઈ, આપ્યાં નહીં મદદ દામરે.—૪.
'ફરદીનાન્દ' 'ઇસાબેલા' થી, પાર ઉતર્યું શુભ કામરે.—૫.
આગસ્ટ ત્રીજી ચૌદસો બાનુંમાં, ઉપડયો પોંહોંચવા ધામરે.—૬.
માસ અકટોબર આવી પોંહોચ્યો, 'સૅનસૅલવેડોર' ગામરે.—૭.
ભર દરીએ સાથીઓએ બહુ, દમથી દરાવ્યો તમામરે.—૮.
તોએ ડગ્યો નહીં હામથી કામ, ઉતાર્યું સરંજામરે.—૯.
'વેલે દોલીદ' છ—પંદરસો, પામ્યો બેહેસ્ટ મુકાંમરે.—૧૦.
શુરા વીરા નરની કીર્ત્તિ, ગાએ 'ચમન' સુબો શામરે.—૧૧.

ફીલ્ડ ઓવ ધી કલોથ ઓવ ગોલ્ડ.

જીંજોટી—ઠુંમરી.

(લાલ કેસે ઝલકેરે—એ રાહ.)

લાલ કેતું ઝમ ઝમ ઝમકેરે મેદાન, અમીરી નીશાન.—લાલ.
પંદરસો વીસે 'ફ્રાન્સ' માં મલી, મીજલસ આલીશાન.—લાલ.
'ફ્રાન્સીસ પેહેલો' ને 'આઠમો હેનરી,' મેલાપ તે દરમ્યાન.—લાલ.
દોર દમામ ને ભપકાથી ઠામ, થયું રે બીરાજમાન.—લાલ.

કારડીનલ વુલ્સી કાળચક્ર વિષે ગાય છે.

સિંધ ભેરવી—ગજલ (તાલ ત્રિવટ.)

(દુન્યાંમાં ખર કરારી કોઇની રહી નહીં—એ રાહ.)

સલામ છે સલામ છે ઓ દોરને દમામ,
એવોજ છે ઇનસાનનો હ્યાં હાલ રે તમામ.—૧.
કળી આશા વૃક્ષની જે ખીલે છે રે આજ,
કાલ એક તોફાંનથી નાબુદ તેનું નામ.—૨.
તર્યો હું તો બાલ સમ કીર્ત્તિ ઝરામાં,
પણ ગર્વ મારાએ ફના કીધું જહાજ દામ.—૩.
ધિક્કારૂં છું અભિમાની કીર્ત્તિ ઠાઠમાઠ,
વિશ્વાસ રાયનો કરે તે ખ્વાર સુખો શામ.—૪.
ચઢાવે છે રાજ રેહેમ આસમાન તક,
પડ્યા એક વાર નહીં ઉઠવાની હામ.—૫.

(શેકસપિઅરમાંથી.)

વુલ્સી થોમ્સ ક્રોમવેલને નશિહત કરે છે.

ભેરવી—ગજલ (તાલ દાદરો.)

(જોરે જાલેમ કાંએ ગમખાર—એ રાહ.)

હાલ સુન અએ 'ક્રોમવેલ' ચાહ્યું ન મેં તો રોવા કાજ,
પણ તારી સત વાતથી મેં તો ધરી રે સ્ત્રીની લાજ.—૧.
જ્યાર ભુલાઉં કહેજે તું કે શિખ્યો એક રાહા શુભ,
જે છે નિશ્ચય પાયદાર સલામત નાશમાંજ. ૨.
કદી ફસતો ના લોભ ફરેબ જે ફરેસ્તા ફસાવે,
કજીઓ કદી ના કરતો સુખ શાંતિનું ઓઢી તાજ. ૩.
થજે શુરો ને પ્રમાણિક બીહીતો ના હર નેમથી,
તાકજે તે તરફ રખ સત્ય ધરી દેશ દાઝ. ૪.
કરજે નોકરી રે રાયની ઓ ક્રોમવેલ ? ક્રોમવેલ ?
'કરત સેવા જો ઇશ્વર થાત નહીં આ દુઃખ આજ'. ૫.

(શેકસપિયરમાંથી.)

અકબર.

જીલ્લો—ગજલ.

(કયા કયા મજેસે આતા હુએ—એ રાહ.)

કયા કયા ફઝલસે હકુમત કીયા અકબરશાહ બાદશાહ,
રહમ નઝરસે હકુમત કીયા અકબરશાહ બાદશાહ.—૧.

બાદમર્ગે 'હુમાયુ' ઉમ્ર ખુશ જવાનીમે,
શરાબ સલતનતકા પીઆ અકબરશાહ બાદશાહ.—૨.

'પાનીપત' કે જંગમે 'હેમુ' ઔર 'સીકંદર' કો,
'બેહરામખાન'ને તારાજ કીયા—અકબરશાહ બાદશાહ.—૩.

'ગુજરાત' 'બંગાળા' 'બહાર' જીતા 'કાબુલ' 'કંદહાર',
'આસીરગઢ' 'ખાનદેશ' લીયા અકબરશાહ બાદશાહ.—૪.

દીયા અમલ સબકોસબ કીયા રાઝી હરામતમે,
વાહ ? અદલ ઇનસાફસે જીયા અકબરશાહ બાદશાહ.—૫.

'ફાઝલ' 'ફૈઝી' 'તોડરમલ' થા ગોહર 'બીરબલ,'
'ગંગ કવી' 'તાનસેન મીયાં'—અકબરશાહ બાદશાહ.—૬.

ચાંદબીબી.

જીલ્લો—ગજલ.

(મય જાનતીથી પરીઓસે—એ રાહ.)

દેખો 'અહમદનગર' કી બેગમ દીલાવર,
'ચાંદબીબી' નામ રોશન થી વોહ જંગ આવર.—૧.

'મુરાદ' બેટા 'અકબર' કા જબ હુવા હમનબર્દ,
આફરીન કયા દીખાયા ઉનકો જંગકા હુન્નર.—૨.

અઝબ કીઇ તદબીર ઔરબી હીંમત અઝાએબ,
કત્લ હુઇ દુસ્મનોસે વોહ રશ્કે કમર.—૩.

વિલ્યમ શેકસપિઅર.

જીલ્લો કાફી—ઠુંમરી

(બાગે ફરતી જોઇ કુદરત માલણીયાં.—એ રાહ.)

કાયમ નામ 'શેકસપિઅર' બુલંદ તુંજ ખરે.—૧.

એપ્રીલ રૂડો માસ શુભ પંદરસો ચોસથ,
'સ્ટ્રેટ ફર્ડ અપોન એવન' માં જન્મ ધરે.—૨.

સરદાર કવીઓનો તું રૂડો નાટકકાર,
નીતિ રમત ગમતથી નાશેહત કરે.———૩.
'કીંગલીઅર' 'હેમલેટ' 'મેકબેથ' 'તેમપેસ્ટ,'
ગોહર ઉમદા અક્કલના તે માંહેથી ખરે.—૪.
સોલસો સોલમાંરે થયો ભુંડો કાળ,
ગાય 'ચમન' કીર્ત્તિ ત્યાં તુંજની અરે.—૫.

ઇલીઝાબેથ.

કાફી—પદ (દીપચંદી.)

(સાવરો આજ હુ નહીં આયો—એ રાહ.)

સુનો ગરેટ બ્રિટન મોટાઇ, કીર્ત્તિ 'ઇલીઝા બેથ' ની ગાઇ.—૧.

'આઠમો હેનરી' 'ઍનબુલીન' ની પુત્રી પ્યારી પાદશાઇ,
પંથરાવ્યો 'પ્રોટેસતંત' નો પંથ રૈયતે દીધી વધાઇ,
ઉદય તખ્ત ઝવેર મઢાઇ. ૨.

રાણી 'મેરી' કરે દાવો તખ્તપર પણ તે તો ગઇ સપડાઇ,
વર્ષ અઢાર તક બંધ 'તાવર' માં યુકિત એક ભલી રચાઇ,
છોડવા 'મેરી' ને ભાઇ. ૩.

'ઍનતની બેબીંગતન' ફીતૂરી ભેગા મલી ઠગાઇ,
પકડાયા પકડાયા—'ફૉધરીંગે' માં 'મેરી'રે કતલ થાઇ,
પંદરસો સીત્યાસી ભાઇ. ૪.

સાલ પંદરસો ઇથીઆસી લાવ્યો 'ફીલીપ' રાજા ચઢાઇ,
'અજીત અરમાર' કાફલા સંગ થઇ બ્રિટન લડાઇ,
હાર્યો 'ફીલીપ' પસતાઇ. ૫.

કર્યો નહીં ભરથાર 'રાણી' એ આપી 'ઍસેકસ' ને વડાઇ,
'આયરલૅંડ' બલવામાં કીધીરે સલાહ ગયો તે કેદ બંધાઇ,
પણ મલી રાજથી રેહાઇ. ૬.

બલવો ઉઠાવ્યો પછી નાસજાએ ન રહયો પ્રેમમાં સમાઇ,
કરત એમ તો જાત પંકાઇ પણ એ તો હાર પડયો ભાઇ,
આખર કતલ થાઇ. ૭.

આપી હતી ‘ વીતી ’ ‘ઇલીઝા બેથે’ દેખાડવા દુઃખદાઇ,
પણ ‘ નૉર્તીંગ હામની કાઉન્ટેસે ’ પાછી ન ફેરવી કાંઇ,
મુઇ રાણી ગમરે ખાઇ. ૮.

કાયદા ‘સુપરેમસી’ ‘કનફરમીતી’ પસાર ભલા એ ભાઇ,
‘દેવળ ભક્તિમાં વડી રે રાણી’ એવીજ પ્રતિજ્ઞા થાઇ,
પ્રોટેસતંતની વધાઇ. ૯.

‘હેનરી’ ‘એદવર્ડ’ ‘મેરી’ ‘ જેન ’ વિદ્યા તણી સરસાઇ,
‘સ્પેનસર’ ‘શેકસપિઅર’ ‘બેકન’ ‘નૉકસ’ ‘રાલે’ તણી ચતુરાઇ,
સદી સોનેરી સોલમી ભાઇ. ૧૦.

સ્પેન દેશનો અજીત આરમાર.

જીહલો—પદ.

(સગપણ સાચું શાનું ભાઇ—એ રાહ.)

સાલ છથીઆસી પંદરસો ને ખિજ્યો દરીયાઇ બહાર રે,
‘ ફીલીપ ’ રાજા આવ્યો બ્રિટન ખોફ કરી અપાર રે.—૧.

કારણ પેહેલું ‘ ફીલીપ ’ કેશેરા પામવા ‘ ઇલીઝા બેથ ’ રે,
લાગ્યો ચટકો ના કહેવે જ્યાર વેરનો વિચાર રે.—૨.

બીજું કારણ માંગતો ‘ ફીલીપ ’ પંથરાવા બ્રિટન રે,
ધર્મ ‘ કેથલીક ’ નો પંથ ચોખંડ ઠારે ઠાર રે.—૩.

ત્રીજું કારણ લૂટાયાં કાંઈ ‘ સ્પેન ’ દેશનાં વહાણ રે,
એ જોઇ કાફલો સજ થયો એક નામ ‘ અજીત આરમાર ’ રે.—૪.

એકસો ત્રીસ જહાજ મોટાં સીપાહ વીશ હજાર રે,
‘ ફલેન્ડર્સ ’ માં હજાર ચાલીશ જંગ કરવા તૈયાર રે.—૫.

‘ લોર્ડ હાવર્ડ ’ ‘ ડ્રેક ’ ‘હોકીન્સ’ ‘ફ્રાબીશર’ શુરવીર રે,
ગાજી રહ્યું જંગ ભાઇ બ્રિટન જય જયકાર રે.—૬.

વ્હાણો ભાગાં ‘ઓરકની’ ટાપુ કોઇ ‘આયરલંડ’ કીનાર રે,
કહે ‘ ચમન ’ ફાની જગતમાં કરો નહીં અહંકાર રે.—૭.

અનપાણીહરનું કાવતરૂં.

ચમન કલ્યાંણ—ધ્રુપદ (તાલ સુલફાક.)

(વિદા થાઓ વિદા જાણો રાજ્ય સિમાડે—એ રાહ.)

કરો યાદ સાલ સોલસો પાંચ નવેમ્બર,
યુક્તિ 'કેથલીક' ની રાજ્ય તખ્ત લાવવા આખર. ૧.

'કેટસબી' 'દીગબી' રાજદ્રોહી ફીતૂરી દજણ એક,
મરણ દારૂગોળે નાશ રાજા અમીર નીડર. ૨.

આવ્યો પત્ર નનામો એક 'લોર્ડ મોનતીંગલ' પર,
લખ્યું 'ન જાઓ પાર્લામેંટ' ચેતયોજ 'જેમ્સ' મક્કર. ૩.

ચાલી તપાસ પકડાયો તુરત 'ગએ ફોકસ,'
થઈ સજા સર્વે ભાઈ 'કેથલીક' નગર. ૪.

જેહાંગીર નુરજેહાંનની મોહોબતમાં ગાયછે.

ધનાસરી પીલુ—મુસ્તેજાદ (ઝફરની તાલ ત્રિતાલો ઠેકો મુગલાઇ.)

(ઝુલ્ફે પુરપેચમે દીલ—એ રાહ.)

ગમે દીલ કીસ્સે કહું કોઈભી ગમ ખાર નહીં—ગમે ફીરકત કે સીવા,
ઔર અગર પુછે કોઈ કાબીલે ઈજહાર નહીં—ચીપકા રહેનાહી ભલા.—૧.

ઝુલ્ફ કી પેંચાસે છીપ શકતા નહીં કોઈ દીલ—ઔર એ પેંચ બપેંચ,
કોનસા દીલ હએ કે જોઈસમે ગીરફતાર નહીં—હએ અજબ દામે બલા.—૨.

સયેં કડો હએ જીગર અફગાર હજારો દીલરીશ—તેરે હાતોં લાયક,
પાસ તેરે કોઈ ખંજર કોઈ તલવાર નહીં—હાં મગર નાઝો અદા.—૩.

કયા તેરી ચશ્મે સીયાહ મસ્તકી કએફીઅત હએ—કે જેહાંન હએ બદમસ્ત,
જીસકો અબ દેખોરે વોહ હુશીઆર નહીં—અએ બુતે હોશરૂબા.—૪.

મરમીટે ખાકે દરેયારપ ઉસશાકપર 'ઝફર'—જો હોના હો સો હો,
ઉઠકે અબ જાએ કહાં તાકાતે રફતાર નહીં—મીસલે નકશે કફે પા.—૫.

સર વોલટર રાલે.

જીલ્લો—ગજલ.

(નાઝ અચ્છા નઝર અચ્છી હએ—એ રાહ.)

'વોલટર રાલે' કવી શૂરો રે નોકા શાસ્ત્રી એક,
સંસ્થાન વધારનાર શૂરો રે નોકા શાસ્ત્રી એક.—૧.

પંદરસો બાવન જન્મ 'હેઇસ' કને 'દેવન' માં,
ચાર, હેંસીમાં, 'વરજીનીઆ' ગયો રે કાફલો એક.—૨.

ન ફાવ્યું એમાં પાછાં ફરતાં 'અમેરીકા' થી,
છોડ તમાકુ પપેતા લાવ્યો નવાઈ અનેક.—૩.

રાજ તખ્ત આપવા 'આરાબેલા સ્ટુઅર્ટ' ને,
રચાયું કાવતરૂં તેમાં રે ગયો પકડાઈ નેક.—૪.

વર્ષ તેર તક મલી બંધી હાએ 'તાવર' માં,
લખ્યો રે 'ઇતિહાસ જગનો' અવ્વલથી આખેર છેક.—૫.

સોલસો સોલમાં રે છૂટયો જવા 'ગાયના,'
ન મલ્યું સોનું ત્યાં હો ખોવ્યું 'સેંટ તામ્સ' છેક.—૬.

લટકાયો અઢારમાં ફર્યાદ આએ કામથી,
જાણું 'ચમન' હતો 'રાલે' બહાદર શૂરો નર નેક.—૭.

ફ્રાંસીસ લોર્ડ બેકન.

જીલ્લો—ગજલ (તાલ તપ્પો—ઠેકો ગધેકી દુમ.)

(અરે ગરદીશે ગજબ જોઈ—એ રાહ.)

ખરો ફીલસુફ 'ફ્રાન્સીસ' બ્રિટનનો રે 'બેકન,'
વિદ્વાન વિદ્યામાં પ્રવિણ પૂરોજ બુદરે વતન.—૧.

ખોહયો ઓહ્દો 'ચાનસેલર' લાંચ લઈ બે ખબર,
'નોવમ ઓરગેનમ' લખાંણ વખાંણુ તુંજ જગત જન.—૨.

શાહાજાહાં બંદીખાનાંમાં ગાય છે.

દેશ—ગજલ (નઝીરની.)

તાબ ઉસકે દેખનેકી ન લાએ ચલે ગએ,
કેઆ કેઆ પરી જવાનયે આએ ચલે ગએ.—૧.

દારા રહા ન જમ ન શીકંદરસા બાદશાહ,
તખ્તે જમીંપે સેંકડો આએ ચલે ગએ.—૨.

આદમ રહા ન કોઈ પએમબર રહા નહીં,
વોભી સરે ઝમીંપે સમાએ ચલે ગએ. —૩.

દેખા 'નઝીર' મએને 'ચમન' મે જો ફના ગુલ,
વોહતો ઝાલીમ 'ઔરંગઝેબ' બનાએ ચલે ગએ.—૪

તાજ માહાલ.

કલ્યાણ—ગજલ.

(મુર્ગે દીલ મતરે। હાં—એ રાહ.)

કીસ ઝમકસે હુએ ઝમકતા ઝવહરસે તાજ માહાલ,
કીસ હશમત કે બહારસે દેખો ખડા હુએ તાજ માહાલ.—૧.

'શાહાજહાં' ને બનાયા વોહ યાદે 'મુમ તાઝ માહાલ' મે,
દુન્યામે હો શકે ન કહીં જૈસા જડા હુએ તાજ માહાલ.—૨.

કયા કયા તરેહ કે રંગપે કીયા હુએ હીરેકા સીંગાર,
યાકુત બદખશાન ઝરસેભી મડા હુએ તાજ માહાલ.—૩.

" કયા ઉસે ખતમે લીખું કયા મેં જુબાની કહે દું, "
ગુલશને બયાં મે તેરે 'ચમન' હુએરાં હુએ તાજ માહાલ.—૪.

ઔરંગઝીબનો જુલ્મ.

જીલ્લો—ગજલ.

(દરીયાએ મોહોબતસે કીનારા નહીં—એ રાહ.)

કયા ઝોરો ઝુલ્મ તુને એ દીખાયા ઔરંગઝીબ,
રેહેમકી કીસતી કો થા ડુબાયા ઔરંગઝીબ—૧.

ઝર નીકલવાયા ગની પાસ ઝોરસે,
ઝરકી લાલુચમે દીલ લુભાયા ઔરંગઝીબ—૨.

'કાફીર' ગીનકે સબકો હાએ કીયા પરીશાન,
કયા રૈયતોંકા દીલ એ દુઃખાયા ઔરંગઝીબ. ૩.

'હિંદજનુબ' મે તુને કીયા બડા જંગ,
લેકીન ખુબ નતીજા ન પાયા ઔરંગઝીબ. ૪.

ફઝીલતમે થાતું સાની 'અકબર' કે,
'ચમન' નેકીકા ન એ ખીલાયા ઔરંગઝીબ. ૫.

સીવાજી.

કલ્યાણ—ગજલ.

(તકકા હોતા હુએ ઐસાભી એ—રાહ.)

બેટા 'શાહાજી' કા 'સીવાજી' મરેઠાકે સરદાર,
ગા કરને જવાનીમે લુટ ચોરીકા વોહ કાર.—૧.

બીસ બરસમે લૂટા કીલ્લા 'તુર્નેકા' ઉન્ને,
મીલા ઝર ખઝાના માલ ગંજ વહાંસે બીસીયાર. ૨.

બનાયાજી 'રાયગર' લીયા 'સુપા' 'પુરંધર,'
મીલને બુલાયા 'અફ્ઝુલખાન'કો વાંહાં કીયા ઠાર. ૩.

લૂટા 'સુરત' શેહેર પીછે હુવા 'મરેઠા' કે શાહા,
પડા કયદ એક બાર વહાસે હો ગયા ફરાર. ૪.

થા વોહ તીરંદાઝ અચ્છા ઔર એક અચ્છાથા સવાર,
દીન સુસ્ત કામીલ લીકન બદીમે થા ગીરફ્તાર. ૫.

અફ્ઝુલખાનનું મરણ.

પીલુ—ઠુમરી.

(મોરારે બેરાગી જોગીરા—એ રાહ.)

તોરા રે કૈસા એ મર્ગવા,
અએ 'અફ્ઝુલ' સરદાર રે.—૧.

'સીવાજી'ને મારા તુજે'શમે'શીરસે,
કયા એ દગાકા કાર હુવા. ૨.

ઓલીવર કરોમવેલ.

ખમાચ—ગજલ.

(ચાહે જફાઓ જોર કરે—એ રાહ.)

રક્ષક ગુણી બ્રિટન રાજપિતા 'ક્રોમવેલ'
મજાસતાક બ્રિટન રાજપિતા 'ક્રોમવેલ.'—૧.

સોલસો પચાસ એકાવન ના જંગમાં,
'દનબાર' 'વુર્સતર' તારાજ 'ચાર્લસ' સેહેલ. ૨.

'પોર્તલેંડ'ની લડાઇમાં 'બ્લેક'થી,
દીઠો 'ડચ' કાફલાએ શુરાતન ખેલ. ૩.

થયો ઝગડો 'પાર્લામેંત' ગયો સીપાહ સંગ,
કહ્યું નિકળો 'નહીં તો ચલાવીશ આફત રેલ.' ૪.

તેજ બ્રિટન તણું વધાર્યું 'યુરોપ ખંડ,'
ચતુર ને રાખવાલો ઠડાવમાં ઠરેલ. ૫.

લંડનની મરકી.

ધનાસરી—કાહારવો.

(હરી બે વચની નહીં થઈએ જી—એ રાહ.)

થયું થયું બ્રિટન ગરકાવ જફા,
ગરકાવ જફા ગરકાવ જફા.—૧.

પાંસઠ સોલસોમાં ખુરેરે મરજ,
થઈ જમ કીધા લાખ જીવ સફા. ૨.

રસ્તે ગાડી કફન ગજબ ગમગીન,
જયાં ત્યાં લખ્યું હાએ 'ખુદાનખફા.' ૩.

થયાં ખાકમાં દફન ભોગ જફા જન,
જાલેમ જમાનાએ છોડી રે વફા. ૪.

લંડનનો આગ.

પીલુ—તીલાણો (તાલ અદો.)

(ઓ દાનાદીમ તનાના દીરદીર—એ રાહ.)

અરરર જુવો ભાઈ આવ્યું રે સંકટ કેવું,
અગ્નિમાત! અગ્નિમાત! રૂઠયાં બ્રિટન ઉપર.—૧.

કોઈ કહે કામ હતું એ નક્કીજ 'કેથલીક'નું,
સોલસો છાસઠ સાલ ભુંડું બીજી સપટેમબર. ૨.

ચારસો મોહલ્લા, તેર હજાર ઘેર, નેવ્યાસી દેવળ,
બળ્યાં ભાઈ ઉડી તણખા સરસર ઝરઝરઝરઝર. ૩.

ઈશ્વરનો કોપ.

માલશ્રી—ગજલ.

(રટનામ જપનામ—એ રાહ)

હયાં આય આદમ સરામે સફરકો,
હાએ રખકા ખોફ એ દમમે બશરકો.—૧.

રાઈકા પરખત હોતા એટહી આનમે,
કરતા ફુલક ફના મહીમે ગોહરકો. ૨.

"ઉરૂઝ આદમીકા હુએ કીસગીનતીમે ફેર,
જવાલ આતા હુએ જખ કે શમ્સો કમરકો"

મીસ્લે આતેશ આતા કહેરે ખુદા કોઈ દીન,
દેતા જલા હસ્તી કે 'ચમન' મે શજરકો. ૪.

એ માનવી ઈશ્વરથી ડરીને ચાલ.

ગોરી—ખ્યાલ.

(ઉરજા પંખેરૂ દીન રેહ ગયા—એ રાહ.)

ડર ડર આદમ નામ રખોદા.—૧.

એકહી છીનકા નહીંરે ભરોસા,
વાંકો નામહી જપ લે સદા. ૨.

ડયુક ઓવ મારલબરો.

સોરઠ—ગજલ.

(શરમીંદા કમર હુએ તેરી—એ રાહ.)

ડયુક મારલ બરોરે બ્રિટન શૂરો સરદાર,
રાણી 'એન' રાજનો જંગ હુન્નર બરદાર.—૧.

'બ્લેનહીમ' 'રૅમીલીસ' 'આઉદનાર્ડ' માલપ્લાકવેત,'
ચાર, છ, આઠ, નવ, સતરસો જયજયકાર. ૨.

લાંચ લીધી લાલચે એક યાહુદી સંગથી,
ગયોરે 'બ્લેનહીમ' વતન પામ્યો હયફ જયાર. ૩.

રૉબર્ટ વાલપોલ.

કલ્યાણ—ગજલ.

(અમરાની રોશની બની ગાએ ચમનમાં—એ રાહ.)

વજીર પાર્લામેંટનો ભલો 'રૉબર્ટ વૉલપોલ,'
જમાને રાજા 'જયોર્જ' નો ભલો 'રૉબર્ટ વૉલપોલ.'—૧.

'સમુદ્ર દક્ષિણ સદામાં' નાશના વેળાએ થયો,
મદદગાર જનનો ભલો 'રૉબર્ટ વૉલપોલ.'—૨.

આપી સલાહ સુલેહની સુધાર્યો ખજાનો મુલક,
ગ્રેટબ્રિટન વતનનો ભલો 'રૉબર્ટ વૉલપોલ.'—૩.

ડુપ્લી નો લોભ.

કલ્યાણ—ગજલ.

(સુખમાં પોઢોની તમે—એ રાહ.)

'પૉન્ડીચેરી' નો ફ્રેંચ ગવરનર,
લોભી જનરલ 'ડુપ્લી મૉનશીયર.'—૧.

હાંકવા ઈંગ્રેજ હિંદ જમીનથી,
વિચાર કર્યો લોભથી નીડર. ૨.

'કર્ણાટક' ની લડાઈમાં જી,
પામવે ફત્તેહ ફુલ્યો ફરફર. ૩.

'ડુપ્લી ફત્તેહ આબાદ' શાહ,
ફરી વસાવ્યું હરખ જીગર. ૪.

ફાવ્યું નહીં જો 'કલાઇવ' હામથી,
પામીને હાર પડયો રે આખર. ૫.

રહ્યું નહીં કંઇ નામ નીશાન,
શરમ પામ્યો ખુદ નગર. ૬.

લોભ છે પાપનું મૂળ રે જાણો,
લોભે ફના જેહાંન શાહા 'સીકંદર.' ૭.

સુરાજા દવલાનું ક્રૂરપણું.

We'll have a dance to night boys—air.

નવાબ 'કલકતે' કા થાતું બડા ઝુલ્મગાર,
'સુરાજ દવલા' રાજ સાજ 'બંગાલા' 'બહાર.'

કીયા અસીર ઈંગ્રેઝોકુ હાએ અંધેરી ગાર,
લીકન હુવા .જંગમે ઉન્નોસે ડીન્નાર.

કોરસ.

ખુની ખુની ખુની થાતું બદકાર, તું બદકાર, તું બદકાર,
દેતા હરઆન થાતું આઝાબ, તુંપે હએ ખુદાકી માર.

લૉર્ડ કલાઇવ.

જીંજોટી—*For Ratty Madam is my name—air.*

બ્રિટિશ હિન્દનો પુરો સરદાર શુરો ભાઇ,
તજી મેહેતાગીરી ખુદ બન્યોરે સીપાઇ.

'કર્ણાટક' ના જંગમાં બ્રિટિશ હાર કાંઇ,
ચઢી ગયો 'આર્કટ' જંગ જીત્યો સામો થાઇ.

કોરસ. { ધન્યરે રૉબર્ટ, ધન્યરે રૉબર્ટ,
સ્થાપ્યું રાજ્ય હિંદુસ્તાન, સ્થાપ્યું રાજ્ય હિંદુસ્તાન
રાખીને હીંમત.—૧.

સતરસો સતાવનમાં રે 'પ્લાસી' ની લડાઇ,
મારી હટાવ્યો 'નવાબ' દીધી મિત્ર રૈહાઇ.

વધારી સત્તા હિંદની રહયો બ્રિટન જાઇ,
ઠડી અપરાધી છૂટયો ખતમ આપઘાત થાઇ.

કોરસ { ધન્યરે રૉબર્ટ, ધન્ય રે રૉબર્ટ,
સ્થાપ્યું રાજ્ય હિંદુસ્તાન, સ્થાપ્યું રાજ્ય હિંદુસ્તાન
રાખીને હીંમત.—૨.

કલકતાની અંધારી કોટડી—સુરાજા દવલાનો જુલ્મ.

પરજ—તીલાણો (તાલ અદ્દો.)

(દીર દીર તનુમ તનન તન—એ રાહ)

પાડી જફ્રા ગજબની રે ખદકારે, ખદકારે, ખદકારે,
ખદ કરમ મુઠ્ઠ ભારે, હારે હારે, હારે હારે,
ગારમાં અંધારે, કેદ કીધા રે કીધા રે.—૧.

તજ્યા પ્રાણ નિર્દોષ હાએ, સીતમ સંકટથી જાન જાએ,
આણી દયા હ્રદય નહીં, દુરાવારે, દુરાવારે. ૨.

અંધારી કોટડીનું વેર—સુરાજા દવલાને કરોધભરયો ઠપકો.

કાનડો—પદ.

(કોણ હરીવન ભુંડી સૂલ કાઢે—એ રાહ.)

" કોણ દરવના મરવા ભાવે, "
ઉભો રે રે ખચ્ચા 'સુરાજા દવલા.'
આવી 'કલાઇવ' ખતાવે.—૧.

લડવા વઢવા વેરને કાજ'વૉતસન' કાફલા સંગરે,
'કલકતે'આવી એક પલમાં નાશ મરણ તુંજ લાવે. ૨.

બદકામની સજા મલ્યા વના રહેતી નથી.

દેશ.

(અનેક ઉપાય તમે કરો—એ રાહ.)

ફાવે ન જગમાં નેમ કદી બદ કામની,
મલે સજા નક્કીજ નીત બદ કામની.—૧.

બદીનો છે રે અલજામ બદ આકેબત,
બદ રાખે ફીક સદા સુબોહ શામની. ૨.

છટકે ન કજા સજા આપ પાપ કદી તે,
ખોલી ચાવી જેણુ સદા જફા જામની. ૩.

કૃતિ પ્રત્યાઘાત જગમાં સમાન ઉલટાં છે,
કહે 'ચમન' રાખો કામ રબ નામની. ૪.

પ્લાસીની લડાઈમાં અંગરેજી લશકરની કુચ.

બેહાગ—ચતરંગ (તાલ અદ્દો.)

(નવરંગકા દેખાડે કૂર કીસમત રે—એ રાહ.)

યુદ્ધ કરવા નિડર ધાઓ શુરવીર રે,
લડવા કાજ ધરી હામ હામ.
વિર ધરતિ રણુ ધીર ધ્રુજાવે.—યુદ્ધ.
દીર દીર થૈમ દીર દીર થૈમ ઉરે તમ ચઢાવો જોમ,
તનનન તનનન યુદ્ધ રાગ ગાવે,
છુમ છુમ, ઝુમ ઝુમ, ઢુમ ઢુમ,
વિજય છે, વિજય છે, વિજય છે,
સરર ધુમ. યુદ્ધ.

પ્લાસીની લડાઈમાં અંગરેજોની જીત—ફતેહની ખુશાલી.

જીંજોટી—પદ.

(સાચું એક બ્રહ્મ નામ—એ રાહ.)

રંગ રંગ રંગ રંગ રંગ રાગ આજ છે,
હર્ષને ઉમંગ સંગ રંગ રાગ આજ છે.—૧.

વિજય વિજય પામ્યો લૉર્ડ 'કલાઈવ' હામથી,
શુભ થાયું આજ રૂડું બ્રિટનનું રાજ છે. ૨.

ખિલ્યો ખિલ્યો રૂડો ભાઇ બહાર હિંદુસ્તાનનો,
પુષ્પે વધાવો વિર શુરાતન કાજ છે. ૩.

અમીચંદ ખત લઇ ખુશી થતો પઇસા વિશે ગાયછે.

જીંજોટી.

(નાચો ગાના તેરા એ દીલરૂબા.—એ રાહ.)

પૈસા પૈસા થારો અજબ વહાલા છે મને પ્યારા.—૧.
એ તો છે મારી મુરતી મોતીની, લાગે કેવી મને મીઠી સદા. ૨.
"જીવ જાય તો એક દમડી નહી આપું, તાલ કરી કરી ભરૂં ખીસા." ૩.
મલશે આ ખતથી ત્રીસ લાખ ભાઇ, એ તો લઇ બહુ કરીશ મજા. ૪.
"પુજું આ જગતમાં પૈસાને હું તો", દટાઇ રહું રે ખજાને સદા. ૫.

કવીબેકનો ઘેરો—જનરલ વુલ્ફનું મરણ.

પીલુ—કાહારવો.

(જુવો રે કેવી ઉતરી પરી નોજુવાન.—એ રાહ.)

જુવો રે કેવો મુવો જનરલ વુલ્ફ,
'કવી બેક' ના ઘેરામાં રેહો.—૧.

તેરમી સપટેમબર અંધારી રાતે,
પહાડે ચઢયો જનરલ વુલફ. ૨.

ચાર હજાર આઠસો અઠાવીશ જનથી,
શુરો લડયો જનરલ વુલ્ફ. ૩.

ઘા લાગ્યો પ્રથમ છુપાવી રાખી,
નહીં ડગ્યો જનરલ વુલ્ફ. ૪.

મરતાં મરતાં સાંભલીને વિજય,
ખુશી થયો જનરલ વુલ્ફ. ૫.

સતરસો ઓગણ સાહાય રડે 'ચમન,'
રૂડો ગયો જનરલ વુલ્ફ. ૬.

જયોરજ વોશીંગટનનું દેશહિતકારીપણું.

જીંજોટી—પદ.

(સુધી આણી ફુલ જાણી નર નારી—એ રાહ.)

દેશહિતકારી ગુણી 'જ્યૉર્જ વૉશીંગટન,'
પ્રતાપી ને રૂડો અમેરીકન.—૧.

હીમત ખળથી 'યુનાઇટેડ સ્ટેટસ,'
સ્વતંત્ર કરવાને દીધું તન મન ધન. ૨.

મીર કાસીમ સમરૂને સમજાવે છે.

જીંજોટી—ઠુમરી.

(એક ચતર નાર કરકે સીંગાર—એ રાહ.)

સુન સમરૂ માન, જરા દે તું ધ્યાન,
છોડ ક્રોધના બાણ, લેવા મુદઇ જાન,
આવે 'એલીસ' જેવો લે તું કાઢીજ ઘાણ.—૧.
કાજ કતલ જાન, સજ સૌ સામાન,
કર તુંદ તોફાન, ઈંગ્રેઝ નાદાન,
આવશે બે ખબર લેવા ખાન પાન.—૨.

પતનાની કતલ.

ખમાચ—તીલાણો (તાલ અદ્ધો.)

(તનુમ તનુમ તુમ તન દેરેના—એ રાહ.)

ઝરખ ઝરખથી થાયો રે ગજબ,
બીનડર મેહુલે આવ્યા ઈંગ્રેજ ખાવા ને પીવા,
ઝટપટ જીંદગી જાન ખતમ કેવું રે અજબ.—ઝરખ.
કતલ 'પતના' કતલ, કાર હેવાન્યત,
આફત શેતાની રે ચાલ, તેંસઠ સતરસોનું સાલ.
'ચમન' સુનાવે છે હાલ. બીનડર.

વિલ્યમ પિત.

જીંજોટી.

(વૈસાખ માસ વાસન્તિક સમય શોભલા—એ રાહ.)

અર્લ 'ચેથેમ' નો વજીર પિત વિલ્યમ,
થયો 'વાય કાઉંટ' 'બેરન' રૂડો દમખદમ.—૧.
અમેરીકાને જંગ કેવી સુચના ખરી,
ભાષાણ છટાદારમાં મનાજ, ન કરી,
સતરસો ઇઠ્યોતેર સાલ અજલ ઠરી,
ચાન ધ્યાન જ્ઞાન તુંજ ફીલસુફ સમ. ૨.

વિલ્યમ પિતનું અમેરીકાની લડાઈ વિષે પાર્લીમેંટમાં ભાષણ.

જીજોંટી—ગજલ.

(ગમે દુરીસે જી જલતા હુએ—એ રાહ.)

નહીં કદી રે એવી આફતમાં આપું વધાઈ મારા અમીરો,
વકત છે બહુ ભયનો આ ભયંકાર મારા અમીરો.—૧.

દોહરા { જરૂર છે રે જણાવવાની સત્ય રાજ ગાદીને,
અંધકારનો પરદો જે હાલ છે તે કાઢીને,
રોશન કરો નાશ જે અહીં આવશે અહો દલગીરો. ૨.

દોહરા { શું કરે મદદ પાર્લામેંટ કામ જે લાવે ધિક્કાર,
કાલ રોજે થતે ખરે 'બ્રિટન' એમાં સરદાર,
પણ આજ ન મલે કોઇ જે ફેંકે આખરૂ તીરો. ૩.

દોહરા { હતા જે બળવાખોર તે તો આપણુાંજ દુસ્મન,
સજ થયા છે હામથી કાજ રક્ષણુ લાભ વતન,
કદા શત્રુએ પણ દીધી સહાયતા શમશીરો. ૪.

દોહરા { ના જીતાય ના જીતાય 'અમેરીકા' રે કદી,
ના મારો રે ફાંફાં જીવલેણુ તમ આ ઘડી,
આ તો શત્રૂ ઉસ્કેરે છે થવાને શૂર વીરો. ૫.

દોહરા { જો હું હોત 'અમેરીકન' એક એવું ધારો,
તો શું રહેવા દેત મુજ વતન— પરસ્વારો,
ના! નહીં રે! એમ તો નહીં થાત અહો વજીરો. ૬.

દોહરા { મારવું જાત ભાઇઓને નથી એવું સજાવાર,
ગણું હું તો આ છે રે જંગલી નિર્દય ખુરૂં કાર,
જીતવા ચાલ તમારી તેડું જેહાંન મંત્રિ પીરો. ૭.

દોહરા { કોણુ સામે? જગાડો છો નિર્દય 'કેની બાલ' રે,
શું આપણાં જાત ભાઈ માટે—પાંથરો જંગની જાલ રે,
આ તો હત્યું 'સ્પેન' નું બી કૃરપણું અમીરો. ૮.

દોહરા { કહું શું વધુ હવે રે બોલાતું નથી જો,
નહીં તો હું રે કદી પણુ ન જાતે હઠી જો,
નાતવાન જઈફ શબ્દ સુનો હે મહા વીરો. ૯.

અમેરીકાની લડાઈ.

ઝીંજોટી—ગજલ. (તાલ ત્રિતાલો.)

(થઈ ગઈ છે નજર સૌની દુઃખીની પર—એ રાહ.)

વતન સંપન્નતા કાજેરે જાગ્યું એક જંગ ભાઈ,
સાલ સતરસો પંચોતેર સુનો 'અમેરીકા' લડાઈ.—૧.

સખ્ખ કાયદો રે 'સ્ટેમ્પ' તણો થયો પસાર પાર્લામેંટ,
'અમેરીકનો' કહે 'શું કાજ જઈએ હમ જરે ઘસડાઈ.' ૨.

ખિલે બ્રિટન સભામાં વજીરો 'ફૉકસ' 'પિત' ને બર્ક,'
કહ્યું "અહો અમારો તમ ન જાઓ નાશમાં સમાઈ." ૩.

નહીં માન્યું રે બ્રિટને કર્યો વિચાર કરવા નાશ,
'લૅકસીંગટન' 'બનકર્સ હીલ' થઈ નવીજ ફત્તે કાંઈ. ૪.

તારાજ'ન્યુયૉર્ક' 'ફીલાડેલફીયા' વિજય 'બ્રુકલીન' 'બ્રાન્ડી વાઈન'
'સૅરેતાગા' કને 'બરગોઇન'રહયો રહયો રે શરણુ થાઈ. ૫.

'સેંટ વીનસેંટ' ફત્તે 'રૉડની' હઠાવ્યા 'સ્પેન' સીપાહી,
હાર'યૉર્ક તાઉન''કૉર્નવૉલીસ'ગયોરે ફોજ સંગ સપડાઈ. ૬.

વળી 'માઈનોરકા' ખોયું સતરસો બેયાસી બ્રિટને,
ન કરવા પામ્યા ઈંગ્રેજ 'અમેરીકા' તણી સરસાઈ. ૭.

થયા હેરાંન વર્ષ આંઠ રાખી વહેતી લહુ નદી,
'અમેરીકા' તણી રેહાઇ 'વૉશીંગટન' ચતુરાઈ. ૮.

વૉરન હેસતીંગ્સ.

ઝીલ્હો—ગજલ.

(મોહોબતમાં તુંજની અએ જાન—એ રાહ.)

પ્રથમ વાઈસિરાય હિન્દનો રે 'વૉર્ન હેસતીંગ્સ'
સાહાથ સતરસો આવ્યો હિન્દમાં રે 'વૉર્ન હેસતીંગ્સ.'—૧.

સરનશીન 'બંગાલ' નો થયો રે સભાથી વડો,
કાયદો 'રેગ્યુલેતીંગ' કહે 'વાઈસરાય હેસતીંગ્સ.' ૨.

દમથી ચલાવ્યું રાજ કરી તારાજ શાતરૂઓ,
માંગ્યું દામ 'બેગમ આઉદ' 'બનારસ ચેતસીંગ.' ૩.

પંચ્યાસી—ગયો બ્રિટન તોહોમત છૂટો થાયો રે,
કજા અઢાર અઢારસો 'દેલીસ ફૉર્ડ' હેસતીંગ્સ. ૪.

નાના ફરનાવીસ.

We are all jolly good fellow—air.

વઝીર પેશવાકા તું, કામીલ ફાઝીલ થાતું,
આકીલોકા શાહા તું, નાના ફરનાવીસ,

નાના ફરનાવીસ,
નાના ફરનાવીસ.—૧.

'પાનીપત' કે જંગમે, હાજીર થાતું રંગમે,
દલેરો કે સંગમે, નાના ફરનાવીસ,

નાના ફરનાવીસ,
નાના ફરનાવીસ. ૨.

શાહા 'નીઝામ' 'હૈદર,' ઉનકો થા તુમારા ડર,
થા દાનાઇકા શજર, નાના ફરનાવીસ,

નાના ફરનાવીસ,
નાના ફરનાવીસ. ૩.

મરાઠાની ત્રીજી લડાઇ.

રાહા અંગ્રેજી.

(રે જુઓ વખત શો આવ્યો છે—એ રાહ.)

રે જુઓ લડાઇ મરાઠાની ત્રીજી શરૂ થાઇ,
કારણ હોલકર 'યશવંતરાઓ' તર્ફ બ્રિટિશ સરસાઇ,
જઇ તે તો 'રજપૂતસ્થાન' માંગે 'રજપૂત' થી ચોથાઇ,
રજપૂત મિત્ર ઈંગ્રેજના એમ બનવા ન દે કાંઇ,

કોરસ { સાલ ચાર, સો અઢાર, થી વરસ એક,
રે પાંચ, સો અઢાર તક, નાશ થયો દરેક.—ટેક.

જનરલ 'લેક' 'મરે' 'મૉનસન' ઈંગ્રેજના સરદાર,
જનરલ 'ફ્રેઝર' 'ઑકતર લોની' જંગ કરવા તૈયાર,
કર્યો તારાજ કીલ્લો 'રામપુરા' નો 'લેકે' ચાર,
ગયો 'આગ્રા' કર્નલ 'મૉનસન' પામીને કાંઇ હાર. કોરસ

'હોલકરે' તો ઘેર્યું 'દીલ્લી' 'ઑકતરલોની' લરે,
લેક નગર 'ફરૂકાબાદ' જય વિજય કરે.
'ફ્રેઝર' 'મૉનસન' થી રે પામ્યો હાર 'હોલકર' ખરે,
'દીગ'ના જંગમાં સરદાર શુરો 'ફ્રેઝર' તો મરે. કોરસ

પણ સુધારો થયો હવે હિન્દ બ્રિટિશને રાજ,
'સીંધીઆ' 'હોલકર' 'ભરતપોર' સંગ ઇંગ્રેજ સુલેહસાજ,
સર્વે સરત માન્ય થવે ખતમ લડાઇ કાજ,
કહે 'ચમન' રે લડો નહીં ધરો માનવી લાઝ. કોરસ૦

ટીપુનો વેરભાવ.

બીલાવલ—ગજલ.

(ઉસકો તલાશ કરકે લા એ—રાહ.)

એ કીસ હસદસે હિન્દમે થાપયદા એક દુસ્મંન,
તાએ રે અદમસે હિન્દમે થાપયદા એક દુસ્મન.—૧.
શાહા 'માઇસોર'કા થા વોહ 'તીપુ' સુલતાન,
કરને હયરાન ઇંગ્રેઝકુ ઉન્ને દીયા તન મન. ૨.
કયા હકારત રખકે ઉન્ને સખસે કીયા ખડા જંગ,
જીસ જાપે જીતા વહાં કર દીયા વયરાન વતન. ૩.
'માઇસોર'કે જંગમે હારા વો 'કૅારન વાલીસ' સે,
તોબી નહીં છોડા અદાવત બોકકા ખીલા ગુલશન. ૪.
'માઇસોર'કે 'શીર' કહેલાયા વોહ શીર મર્દને,
શઓ રહેમતકો 'ચમન' મે દફન કીયા દરકફન. ૫.

ટીપુનો અહંકાર.

કાફી—ધ્રુપદ (ચોતાલો.)

(આજ મોરે આએરી—એ રાહ.)

શાન મોરી દેખોજી,
રહું હું શાહાન શાહા શાદ, રાહાત અમનમે આબાદ.—૧.
કયા મોસે લરે 'ઇંગ્રેઝ' ઉસે તો કરદું હલાક,
'ચમન' કો ઉસકે કરૂં બરબાદ. ૨.

અહંકાર તજવા વિષે.

ગૌરી—ગજલ.

(બીમાર હું મએ કાબુમે—એ રાહ.)

હોના નહીં મગરૂર આદમ બહેરે ખુદાયા,
હુવા ફના જીસને બહેરે ગરૂરીમે ઝુકાયા.—૧.

હાએ કીયા જીસને અખ્તીયાર તકબ્બુર,
હસતી એ આલમમે બેશક નામ ઠુબાયા ૨.

ખદ બખ્ત હુવા હમીશે મગરૂરકા,
ચર્ખે ફ્લકને ઉસકો કભી ન નીભાયા. ૩.

'તકબ્બુર ખ્વાર કર્દ બા લાઅનત અઝાઝીલ'
'ચમને' શઅરમે 'સાદી' ને ફરમાયા. ૪.

શીરીંગાપટમનો ઘેરો—ટીપુની હાર.

શામ કલ્યાણ—તીલાણો.

(ઓહતન દેરેના દીમ—એ રાહ.)

એહી સુનો દીલમે નેકોનામ,
જંગમે હારા તીપુ સુલતાંન. —૧.

મુશતાક થાવોહ ઝોરપે અપને,
લીકનહારા, વોબીચારા, મુવા જંગકે દરમ્યાન. ૨.

'હેરીસ' સપેહ સાલાર ઈંગ્રેઝકા,
કીયા તારાજ, મુદઈકા રાજ, જીતાવો આલી જીશાન. ૩.

હોરેશીયો નેલસન.

બેહાગ—ગજલ (તાલ ત્રિતાલો—ઠેકો મુગલાઇ.)

(કહે રૂસતમ જીગરના ગમ—એ રાહ)

દરીઆઈ બ્રિટનનો રે અમલદાર 'નૅલસન'
કીર્ત્તિ 'ઈંગલંડ ઝમકાવનાર 'નૉરફોકશીઅર' વતન.—૧.

સતરસો અથાવનમાં લીધો જનમાર,
સીતેરમાં થયો નાવીક રૂડો એ સજન. ૨.

જાગી લડાઇ સતરસો તાણુંમાં 'ફ્રેન્ચ' સંગ,
ગયો 'મેડી તરેનીયન' સહીત 'એગેમમનન' ૩.

ખોઈ જમણી આંખ 'કાલવી' માં કરતાં જંગ,
ખોહયો જમણો હાથ ભાઈ 'સૅટાક્રુઝ' ને રણ. ૪.

'નાઈલ' 'સેંત વીનસેંત' 'કોપન હેગન' 'ત્રેફાલગર'
ની લડાઈમાં મારી હટાવ્યા દુસ્મન. ૫.

અઠ્થાણુંમાં થયો 'બૅરન' 'વાયકાઉન્ત' અઢારસો એક,
પાંચમાં મર્યો રે બ્રિટનનો ચેરાગ રેશન. ૬.

ત રે ફા લ ગ ર ની લ ડા ઈ.

કાફી—તીલાણો. (તાલ અદ્ધો)

(તનન ધીમ દીમ દારા દર દર—એ રાહ.)

થઇ લડાઈ 'ફ્રાન્સ' દેશની એ હરીફાઇ,
થઇ લડાઇ, 'સ્પેન' પણ, આવ્યું સંગ, લડવા લડવા,
'ત્રેફાલગર' ઝરઝર,
સરરર હવે હવે આવ્યો 'નૅલસન,'
જુઓ દુશ્મન કેવા તારાજ, થયા તારાજ, થયા તારાજ.—ફ્રાન્સ ૧.
બહાદર મુવો, સરદાર મુવો, મુવો અરરર,
દુઃખી સાલ પણ વિજયનું છે અઢારસોને પાંચ. ૨.

ફરજ બજાવવા વિષે નેલસનનું મરતી વખતનું વચન.

પરજ કાલંગરો—ઠુંમરી.

(નદી આંલો હમારે સંગ ચલો—એ રાહ.)

કરે અરજ ફરજની નૅલસન રે,
નૅલસન રે હાં રે નૅલસન રે.—૧.
'આશા રાખે છે, બ્રિટન ફરજની'
ફરજ બજાવો દરેક જન. ૨.

નેલસનનું મરણ—અંગરેજી પ્રજાની ગમગીની.

આસાવરી—ખ્યાલ (તાલ અસવારી.)

(તારાં મરણ કાજે કાં આવ્યો—એ રાહ.)

તારૂં મરણ થાયું રે વ્હાલા વીરા,
ગયું ઝવેર હમારૂં ઝંખાઇ.—૧.
થારો સરદાર ન કોઈ જેવો તું,
ગયો દીવો બ્રિટનનો બુજાઈ,
અરે પ્યારા. ૨.

ડયુક ઑાવ વેલીંગટન.

જીંજોટી—ઠુંમરી.

(ખુશ મીજાજ ખરી રે બાદશાહી—એ રાહ.)

'ડયુક વૅલીંગટન' અહો નામદાર,
અહો નામદાર અહો નામદાર.—૧.

સતરસો ઓગણોતેરના સાલમાં રે,
'આયરલાંડ' માં લીધો જન માર. ૨.

પામ્યો કેળવણી 'ઇટન' કૉલેજમાં,
થયો સરદાર કરવા શૂરાં કાર. ૩.

'કર્ણાટક' 'એસે' ની લડાઈમાં,
બળ બહાદુરી દર્શાવ્યાં અપાર. ૪.

સાત અઢારસો 'આયરલાંડ' નો રે,
'સૅકરેટરી' એ થયો નામદાર. ૫.

નવ અઢારસો 'સ્પેન' દેશમાં હો,
'ફ્રેન્ચ' સત્તા નહીં રાખી લગાર. ૬.

લડાઈ 'વૅાતરલુ' અઢારસો પંદર,
'નેપોલ્યન' ને દીધી રે હાર. ૭.

વડો વજીર થયો 'પાર્લામેંટ' નો,
અઢારસો બાવન અજલ નાપેકાર. ૮.

જ્ઞાની ને ડાહ્યા 'આયરન ડયુક' એ,
'ચમન' કહે થોડાજ એવા થાશે સરદાર. ૯.

નેપોલ્યન બોનાપાર્ટ.

Money air.

યુરોપ ખંડને ધ્રુજાવનારો શેહેનશાહ નેપોલ્યન,
સીપાહ સુધ્ધો જંગ શુરવીર રણ.

સાલચાર—સોઅઢાર શાહા 'ફ્રેન્ચ' ગુલશન,
તારાજ 'ઑસતરલીટઝ' માં 'ઑસ્ત્રીઅન.'

'જીના' માં 'પ્રસ્યન' 'સ્પેન' બી શરણ,
'જોસફ' દીધું તાજ તે વતન.

'પેનીનસુલર' જંગ રણ સંગ રે બ્રિટન,
'વૅલીંગટન' થી વળ્યું ન કાંઇ પણ.

કોરસ { નહીં ફાવ્યો, નહીં ફાવ્યો, નહીં ફાવ્યો તું રે લેવાને બ્રિટન,
જોકે આવ્યો, કોપ લાવ્યો, કરી ધમકી કાજ નાશ રણ.—૧.

અઢારસો પંદરમાં રે 'વૉતરલુ' લડાઈ,
મહાન રાજ તાજ કાજ સરસાઈ.

'વૅલીંગટને' એકવાર છોડી આશ ભાઈ,
પણ 'બ્લુચર'થી ગયો સમો ફેરવાઈ.

થયો 'નેપોલ્યન' 'બ્રિટન' શરણ,
'સેંત હેલીના'માં રહયો નાશ દન.

ચતુર સજન—લોભ તણું મન,
લોભે લાવ્યો 'મૉસકો' મરણ.

કોરસ { નહીં ફાવ્યો, નહીં ફાવ્યો, નહી ફાવ્યો તું રે લેવાને બ્રિટન,
જોકે આવ્યો, કોપ લાવ્યો, કરી ધમકી કાજ નાશ રણ. ૨.

નેપોલ્યનનું શરણ થવું.

જીલ્લો—ભયરવ.

(ઠર અયાં અખતક—એ રાહ.)

બદરે નસીબથી શરણુ થયો.—૧.

રાજકાજથી, તખ્ત તાજથી, સુખસાજથી
બુલંદ સીતારો હુંપે રૂઠી ગયો. ૨.

નશીબ—કાંઈબી ચીજ કાયમ રહેતી નથી.

પીલુ—ઠુંમરી.

(ગાયણકાર ગાએ ગાએ રે—એ રાહ.)

કાયમ કોણુ રહે રહે રે, ફાની આલમની જીંદગીમાં.—૧.

"કાલું કોયલ ગોલાબી ગુલ" તે તો રહે તેવુંજ રે,
લખ્યું નશીબમાં ન મીટે બની સદા તે વહે રે. ૨.

ઝનુની સાગરમાં જીવનું ડોળા ખાય વ્હાંણ રે,
અથડી વમલના તોફાનુમાં દુઃખ પલકમાં સહે રે. ૩.

ભલા ભલા સૌ જાતા રહ્યાજી અમીર શૂરા સાહુકાર રે,
'નેપોલ્યન' જેવા પણ તારાજ કાજ તાજ થએ થએ રે. ૪.

ભરતપોરનો કીલ્લો.

સોરઠ—ઠુંમરી.

(મારૂં જી ચાંદની રાત—એ રાહ.)

કહુંજી સુનો એક બાત, 'ભરતપોર' કે કીલ્લેકી.—૧.
લોકહી નગરવા એહી કહેતેથે,જીતા નહીં જાવે કભી રાજ. ૨.
દેખોજી વહી તો'કૉમબરમ્યર'ને,કીયા એકહી પલમે તારાજ. ૩.

ગુલામોનું છુટાપણું.

ગોરી—કાહારવો.

(ભલા રૂસ્તમે જંગ—એ રાહ.)

કર્યા મુકત ગુલામ, કર્યા મુકત ગુલામ,
ધન ધન બ્રિટન ધન તારૂં કામ.—૧.

દાઝ રૂડી અનાથની ધરી તેં દીલે,
આપ્યું છોડવવાને વીશ કરોડનું દામ. ૨.

સુખી થયા દાસ બીચારા છુટી આઠ લાખ,
ધન્ય રે 'વીલબર ફૉર્સ' ધન્ય તુજ હામ. ૩.

સતરસો સીત્યાસીથી અઢારસો તેત્રીસ,
સુધી કરી મેહેનત ખોલી દયાની તેં જામ. ૪.

કામ તેં આશિષનું આ કર્યું રે ભલું,
રહેશે રહેશે સર્વદા ત્યાં અમર તારૂં નામ. ૫.

રનજીતસીંગ.

દેશ—ઠુંમરી.

(સુનો તુમ યાર પરદેશી—એ રાહ.)

'શીર' 'પનજાબ' કે 'રનજીત' સરદાર 'સીખ' દીલાવર.—૧.

વોહ ઝમાને 'ઝમાન શાહ' થા સુબાહ 'લાહોર' કા,
કીયા થા મુખ્તીયારીસે તારાજ 'પનજાબ' કો આખર. ૨.

કરને લગાથા એક બાર અપને લશકરોં તેયાર,
પયગામ 'મીન્તો' કે 'મેટકાફ'સે હુવા સુલેહ નઝર. ૩.

કીયા શાહી રે ધુમ લીકન છુડાથા હીર્સો હવસમે,
કીયા થા 'કાશમીર' તારાજ 'મુલતાન' ઔર 'પેશાવર.' ૪.

સીખ લોકોની લડાઈ.

દેશ—ગજલ. (તાલ પસતો.)

(ગઈ એક બ એક જો હવા પલટ—એ રાહ.)

બાદ મર્ગે 'રનજીતસીંગ' કે હુવા સખ્ત જંગ 'પનજાબ' મે,
હુવા સખ્ત જંગ 'પનજાબ' મે કબહી દીખાયા નહીં ખ્વાબ મે.—૧.
'હારડીન્જ' ઓર 'હયુગગફ' દલેર સાલાર ફોજ ઈંગ્રેજ કે,
કીયા તારાજ 'મુદકી' વાહ 'સીખકુ' ઉનોકી રાહ મે. ૨.
'ફીરોજપુર' 'અલીવાલ' 'સોબરોન' ઓરબી નય નય જંગ,
પાયા ફતાહ 'ઈંગ્રેજ' ને થા વોહ કયા ખુદાકી નીગાહ મે. ૩.
હારા 'મુલરાજ' 'રામનગર' 'ચિલ્યનવાલા' 'ઈંગ્રેજ' શીકસ્ત,
લીકન જીતકે 'ગુજરાત' જંગ આયા 'ગફ' વતનકી ચાહ મે. ૪.
મીલા 'પનજાબ' ઈંગ્રેજકુ હુવા 'ધુલીપસીંગ' યારો અસીર,
કહેતા 'ચમન' જો નશીબ ખફા ન રહે શાન બી શાહાનશાહા મે. ૨.

હિંદુસ્તાનનો બળવો.

પીલુ—તીલાણો. (તાલ અદ્દો.)

(દેરેના દેરેના દીમ તદીમ—એ રાહ.)

તનન તોફાણુ તાન હિંદમાં ફીતૂર હાણુ થયું ભાઈ,
થયું ભાઈ સો અઢાર સતાવન.—૧.
પડી બુમ છાવણીમાં ધર્મ ત્યાગ થાય રે,
નવો જંગ સામાન થી વતલાવવા મન,
'દમદમ' 'બરાકપોર' 'દીલ્લી' 'મીરત' 'લકનો' 'જાનસી,'
બંડ ખતમ શૂર 'નીલ' 'હૅવલોક' 'હડસન.' ૨.

કાનપોરની કતલ.

પીલુ—પદ. (તાલ દીપચંદી.)

(લાલ ગોપાલ ઉમંગ ઘર આવે—એ રાહ.)

હાએ રે આફત શું રે હેવાની,
કતલ 'કાનપોર' ની ક્રૂર કાહાંણી.—૧.

'નાના સાહેબે' કરી ઠગ બાજી,
ગમ જફા રૈયે કરી રે હાંણી. ૨.
બાલ ને નાર સૌ થયાં રે જબેહ,
કહે 'ચમન' આ જગત છે ફાંની. ૩.

નાનાસાહેબનું ઘાટકી કામ.

પીલું—કાહારવો.

(જીગરનો જાની કાંહાં ગયો રે—એ રાહ.)

રે જુઓ જુઓ 'ધોન્ડુપન્ત' ખુની થયો રે,
ખુની થયો ખુની થયો ખુની થયો રે.—૧.
જબેહ કીધાં હાએ હાએ નાજુક જીવ જવાન,
કરી કરતુક નાપેકાર ખુશી રહયો રે. ૨.
કુમળાં બાળક રેં હેંસવા આણી ન દયા,
કાપી નિર્દોષ નાર પાપી નાસી ગયો રે. ૩.
કરી તજવીજ લેવા એણે બ્રિટનોનું રાજ,
બીન લાજ કાજથી તારાજ થયો રે. ૪.

નાના સાહેબ પર લ્યાનત—જુલમગાર આ દુન્યામાં સુખી થતો નથી.

(કેવા રમતા પંચી આયા—એ રાહ.)

અરે મર મર મુજી ચોર નાપાક શેતાન દગાખોર—ટેક.
લ્યાનત લ્યાનત લુચ્ચા ખંદા તું પર સદહજાર,
બદકાર મુરદાર જીયાંગાર જીવતર જગતનો ધીતકાર.
પડે તુંજ ઉપર જફા સદા ખુદાનો માર,
થશે થશે ઠાર તારો દોઝખ ઊંડો ગાર.—અરે.
અરે ભાઇ જુઓ જુઓ અહીં જુલમ કરે જે,
તેનું તેનું કદી નહીં કાંઇ દુન્યામાં વળે.
ખિલે નહીં ગુલશન જીવનું જીંદગી નહીં ફળે,
ટળે નહીં દુઃખો ભવના જીનત નહીં મળે. અરે.

નિર્દયપણું તજવા વિષે.

ઝીંઝોટી—દાદરો.

(નદીઆં નાહકે બીસરઆઈ—એ રાહ)

હો મારાં નાદાન થાઓ ન નિર્દય રે.—૧.
જાલીમપે વરસે કેહેર ખુદાઈ,
રાખો દયા મયા નિત હૃદય રે. ૨.

લાર્ડ મેયોનું મરત્યુક.

જોગીઆ આસાવરી—ગજલ.

(અબ આજા નજર તાલે બે દીદાર—એ રાહ.)

થયો રે ભક્ષ જમને કેવો ગજબ ખરે,
અરલ 'મેયો' નામદાર નામવર અરે.—૧.
'બુર્ક'ના ખાનદાનનો નબીરો નામચીન,
અરે જુઓ એ હિન્દમાં પરક્રોમથી મરે. ૨.
અઢારસો બોતેર ગયો 'પોર્તબ્લેર' નિહાલવા કાજ,
કોણ જાણતું ત્યાંજ તારી અજલ ડરે. ૩.
'શેરઅલ્લી' ખુની તારો પાપી દગાખોર,
ચંડાળ દુષ્ટ કર્મ કરવા ના એ ડરે. ૪.
હાય રે હાય ઓ 'શેરઅલ્લી' ઓ બેઈમાન ચોર,
કાં નહીં ફુટી આંખ્યો તારી ઓ મુજી અરે. ૫.
પણ ગયો ફાંસી કંગાલ એકજ માસમાં,
કહે 'ચમન' આ જગતમાં 'કરે તેવું ભરે.' ૬.

અંગ્રેજી રાજયનીતિ.

બરહન્સ—ગજલ.

(કોઈ બલા એ કર્જસે—એ રાહ.)

બ્રિટિશ રાજનીતિ તણાં ગુણ ગાવો ગાવો રે,
જે સરતાજ આપના તેની ફરજ બજાવો રે.—૧.

રાજા, અમીર, રૈયત, ચલાવે રૂડું રાજ સૌ,
આહા ! આહા ! આહા !
પાર્લામેંટ તકરાર—હક સરવે પાવો રે. ૨.

છુટાપણું જાન માલ તણું બંદોબસ્ત,
આહા ! આહા ! આહા !
એવું જે ગુણી રાજ તે વફા દીસે સમાવો રે. ૩.

અહો બ્રિટિશ રાજ રે, સુને દેશીઓની અરજ,
દાઝ ધરો રે હિન્દની નવા હકે હસાવો રે. ૪.

લોરડ રીપનની સ્તુતિ.

કાફી—હોરી. (તાલ દીપચંદી.)

(ગુમાની, આજ હોરી હએ ખેલે.—એ રાહ.)

'લૉર્ડ રીપન,' ધન ધન રે મયાણુ ઓ રાય.—૧.

સત્ય ભાવથી રાજ્ય કરીને દીધો રે હિંદ ન્યાય,
આપ્યું સ્વરાજ પિતા થઇને ધન ધન જગતું સોહાય,
જય કીર્ત્તિ 'ચમન' ગાએ. ૨.

પ્રિન્સ આલબરટ.

કાફી—ગરબી.

(કુંવરી કુંવર મારાં લાડકાં—એ રાહ.)

ભરથાર મહારાણીજીનો 'પ્રિન્સ ઑલબર્ટ' રાજ,
ભલો ચતુર બાહોશ નેક દીલે દયાને દાઝ.—૧.

પ્રેમ અધિક સદગુણ સાચો સલાહકાર,
ફરે હરે 'મહારાણી' સંગ ગાએ સંગીત સાર. ૨.

વલી વિદ્યાથી પ્રવિણ પૂરો ખોલ્યો સંગ્રહ બ્રિટન,
સન અઢારસો એકાવન ગુમ થયો વતન,
ગાઓ કીર્ત્તિ પ્રિન્સ ઑલબર્ટની. ૩.

અરે રે 'નવજ્વર' બુરી તારૂં નખોદ જાય,
અર્ધ જીગર 'મહારાણી' નો પ્યારો ખતમ હાએ,
ગાઓ કીર્તિ પ્રિન્સ આલબર્ટની. ૪.

ધન્ય તુંજ સબર માત 'રાણી વિકટોરિયા,'
થાઓ રોશન રંગથી રાજ ફના શતરૂ સીહા,
ગાઓ કીર્તિ પ્રિન્સ આલબર્ટની. ૫.

કવિન વિકટોરિયા.

બીભાસ—ગરબી.

(ચાલો રે બેનો સાથે મલી ગાઇએ—એ રાહ.)

ધન ધન વિકટોરિયા 'મહારાણી' બ્રિટિશ સલતનત રે,
રૂપ ગુણ રેહેમા અતીસ્યાની બાનુ સદગુણ સત રે.—૧.

'હિન્દ' જમીનનો ફર્યો રે દહાડો વધ્યાં સુધારા કેળવણી,
સુખ પ્રજાકાજ મચાવંતાં રાખેજ ઉમદા ઉલટ રે. ૨.

તાજદાર 'મલેકા' ની ચલનથી બાઇ બાનુઓ શીખો રે,
સદગુણ સાદાઇ શુભ સંગાર સમજી સાચવો સત રે. ૩.

અમલ રાજનો જુગ જુગ રહો કાયમ નામ બુલંદ રે,
આશિષ તમને દઇએરે દીલથી 'કયેસરે હિન્દ' સલામતરે. ૪.

બ્રિટનનો જય.

સારંગ—ઠુમરી.

(ઓ ચકહી—એ રાહ.)

બ્રિટનનું રાજ ખિલે ખુલે,
નહીં રે આવે વતન 'ચમન' માં તાનતોફાન કો ડાળપર—૧.

માર્યા હટાવી સદા દુસ્મન થાઇ સુરખરૂ સામે જય વિજય,
જડિત તાજ સાથ હર્ષના ઝવેરે. ૨.

હિંદની બલીહારી.

કાફી—ગત.

ખીલ્યું ખુશનુમાં રે હિન્દ, બલિહારી,
તણો છે રંગ ગુલશન રસીઆ રાજ શાદ.
રંગીલ, અદલ ઇનસાફ સંગ, બુલંદ,
નામ વતન, જંગ ઢંગ ઉમંગ—

વિકટોરિયા વિષે ઇશ્વર પ્રાર્થના.

કાલંગરો.

(શરોદો આ સુનો શીરીન—એ રાહ.)

અરજો આ સુનો ઇશ્વર,
રાખો મયા 'વિકટોરિયા' પર.—૧.
કરો સુખી હમ દયાળુ 'કૈસર,'
જીવાડોરે જુગ જુગ રેહેમી નઝર. ૨.
વાલોરે ઊંધાજ શત્રૂ સીહા,
વિજય વધારો રે જીંદગી ભર. ૩.
નમી માંગીએ અહો પરમેશ્વર,
અમન 'ચમન' આબાદ નગર. ૪.

બ્રિટિશ રાજ અમર ટપો.

કલ્યાણ.

(મરૂં રે માયો બેનો મારી—એ રાહ)

થાઓ સફળ સકલ જગતમાં વિજય બ્રિટીશ રાજ,
આબાદાની વધો ચોખંડ સુખસાંતિ ને કાજ.

મેહેર ખુદાની વરસો મેઘ સમાન બ્રિટન તાજ,
સુર્ય સમાન પ્રકાશ પ્રતાપ વધો કીર્ત્તિમાંજ.

કોરસ { અમર ટપો રાજ, અમર ટપો રાજ,
'શેહેનશાહ ખાનુ' સુલેહસદા સુખ સંપજ સાજ.—૧.

તખ્ત સીતારો રોશન વખ્ત થાઓ બુલંદ અવાજ,
હર્ષ આનંદે રહો તેજ ગુણી ગગન ગાજ.

અહો ખુદાજી માંગીએ હમ તમથી દુવાને દાઝ,
ફત્તેહ ધજા ઉડજો સદા થાઈ શત્રૂ તારાજ,

કોરસ { અમર ટપો રાજ, અમર ટપો રાજ,
શેહેન શાહા ખાનું સુલેહ સદા સુખ સંપજ સાજ. ૨.

વધારો.

મુખ્ય વરસો.

દેશી.

(શેહેનશાહ જીઆહ આલમદાર—એ રાહ.)

સુનો સ્યાના સજન સુનો રે હાલ,
કરો યાદ ભાઈ તવારીખના સાલ.
શરૂ પૂર્વે ઇસવી ત્રણ સોથી,
કરી ખોલીએ ઇતિહાસ પોથી.
સાત—વીશ—સો ત્રણ 'એલેકઝાંડર,'
લાગ્યો ચઢાઈ રે હિંદ ઉપર.
પંચાવનથી 'સીઝર જુલ્યસ,'
બ્રિટન કહેવાય કર્યું જે વશ.
સાલ હજાર એક ઇસિવી સન,
સ્વારી રે 'મહમદ ધઝની વતન.'
વળી બ્રિટન—એક હજાર બે,
થયા ભાઈ હાએ રે 'ડેન્સ' જણે.
છ-સાહાઠ-દશસોરે 'વિલ્યમ અજીત,'
'હેસતીંગ્સ' જંગમાં પામ્યો જીત.
પાંચ-હેંસી 'ફયુદલ સીસતમ' થાય,
છ-હેંસી કેતાબ 'ડુમ્સ ડે' લખાય.
ત્રીસ-આઠ-અગ્યારસો 'સ્ટેન્ડર્ડ' લડાઈ,
એકતાલીસ 'લીંન્કન' જંગ રે ભાઈ.
અગ્યારસો છોંતેર સ્વારી ખરી,
'મહમદ ગોરી' એ ખ્વારી કરી.
બારસો પંદરમાં 'રની મીડ,'
'ચારતર મોટો'—તજે 'જોન' જીદ.

ચાર-સાહાઠ-બારસો 'ક્યુઈસ' લડાઈ,
પાંચ-સાહાય'આમની સભા'ઓ ભાઈ.

જંગ 'ઈવેશામ' બી એજ સાલ,
'બેનકબર્ન' તેરસો ચાઉદ સાલ.

તેતરીસ તેરસોમાં 'હાલી દન,'
ચાળીસ-છ જંગ 'ક્રેસી' વતન.

'નેવીલ્સ ક્રૉસ' ને 'પોઈતીયર્સ' રણુ,
છેતાલીસ તેરસો અને છપ્પણુ.

તેરસો એકયાસીમાં રે બ્રિટન,
'તાઈલર' બળવો થાયો શરણુ.

તેરસો અઠ્ઠાણું 'તેમુરલંગ,'
'હિન્દ' ચઢયો રે સિપાહો સંગ.

'શુરૂઝબરી' ત્રણુ ને ચાઉદસો,
'એજીન કોર્ટ' પંદર ચાઉદસો.
ચુમોતેર ચાઉદસો 'કેંકસતન' નર,
ફેલાવે બ્રિટન છાપ હુન્નર.
સો ચાઉદ-બે-નેવું ને 'ક્રીસતોફર,'
કરી શોધ 'અમેરીકા' રે નીડર.
ત્રણુ-દસ-પંદરસો 'ફ્લૉડન' મેદાન,
ચોવીસ-'બાબર' હિંદની હાણુ.
ચાલીશ-નવ 'બ્લડી સ્ટેટ્યુટ' કહેવાય,
સીત્યાસી ને સાલ 'મેરી' કતલ થાય.
ઈથીઆસીમાં 'સ્પેનીશ આરમેડા,'
સોલસો ચાર—'ફ્રેન્ચ' હિંદ પેઠા.
પાંચમાં યુક્તિ 'ગનપાઉડર' રે,
અગ્યારથી 'જેહાંગીર' 'નુરજેહાં' વરે.

અંગ્રેજ કોઠી રે સોલસો બાર,
'સુરત' શેહેરે પ્રથમ વેપાર.

સોલસો એકવીશ કતલ અરે,
અઢાર 'ઈંગ્રેજ' 'ઍમબોઈના' મરે.

અઠાવીશમાં 'રાઈત પીટીશન,'
ચુમાલીશ 'માર્સટન મુર' નું રણ.

પીસતાલીસમાં 'નેઝબી' ની લડાઈ,
સાહાઠમાં 'રેસ તો રેશન' વધાઈ.

બે-સાહાઠ-સોલસો પેહેરામણી કાજ,
ટાપુ 'મુંબઈ' 'ચાર્લસ' બ્રિટન રાજ.

પાંચ-સાહાઠ-મરકી 'બ્રિટન' માં,
છ—સાહાઠ—નાશ આગથી ક્ષણમાં.

ઓગણોતેર સોલસો ધારો પસાર,
'હેબીઅસ કૉરપસ' બ્રિટન દરબાર.

'રેવોલ્યુશન' આઠ—હેંસી કહેવાય,
'બીલ ઑવ રાઈટસ' નવ-હેંસી બંધાય.

સતરસો એક 'સેટલમેંટ' ધારો,
બારમાં 'બ્લેન હીમ' જંગ યારો.

નવ ત્રીસ સતરસો 'નાદીર શાહા,'
ચઢાઈથી હિંદનો હાલ તબાહ.

પચાશ એક 'આર્કટ' થયું તારાજ,
પામે કીર્ત્તિ 'કલાઈવ' ફત્તે હો કાજ.

'બ્લેક હોલ' કલકતે છપ્પનમાં,
રે 'પ્લાસી' નું જંગ સતાવનમાં.

ત્રણ-સાહાઠ-સતરસો 'પટણા' કતલ,
આણી 'મીર કાસીમે' નિર્દોષ અજલ.

'રેગ્યુલેટીંગ ' ઍકટ સતરસો તોંતેર,
લડાઇ ' અમેરીકા ' ની પંચોતેર.

નેવ્યાસી ને સાલ 'ફ્રેન્ચ રેવોલ્યુશન,'
તારાજ—નવાણું—'શીરીંગાપટન.'

પાંચ—અઢારસોમાં ' ત્રેફાલગર, '
'જંગ–આઠમાં–જાગ્યું 'પેનીનશુલર.'

જંગ ' વૉટરલુ ' અઢારસો પંદર,
ચાર–વીશમાં થાયું ' રંગુન ' સર.
અઢારસો ત્રીસ સન વિચારો રે,
' થગ ' ' સતીપણું ' સુધારો રે.
ચાલીસ–પાંચ જંગ ' સીખ ' ભારે,
જુઓ ' સીખ ' આઇ રે જંગ હારે.

તપ્પણ અઢારસો અગત અપાર,
હિન્દમાં આગગાડી વિજળીનો તાર.
સતાવનમાં ખંડ સીપાહ અરે,
થાઇ રે હિન્દમાં આફત ખરે.

અઠાવનમાં હિન્દનો કારોબાર,
હસતક થાય બ્રિટન દરબાર.
સાહાઠ ને સાત 'ઍબીસીનીયા' લડાઇ,
પંચોતેર—'પ્રિન્સ ઑાવ વેલ્સ' હિન્દ ભાઇ.
સીતોતેર—' વિકટોરિયા કૈસર, '
નવ—સીતેર જંગ અફગાન નગર.
બે—હેંસીમાં જાગી 'ઇજીપ્ત' લડાઇ,
સીત્યાસીથી 'જુબીલી' હિન્દમાં થાઇ.
ચાહી દુવા કરૂં છું ખતમ હાલ,
અમન 'ચમન' થી જીવો જુગ સાલ.

રેફરમેશન.

જીંજોટી—પદ. (તાલ દીપચંદી.)

(સમજ મન સમજીને લાગ સુધરવા—એ રાહ.)

થયો થયો બ્રિટન ધર્મ સુધારો,
સદી સોળમા મુખ્ય વિચારો. —૧.

'આઠમો હેનરી' રાજ જમાનો 'જરમની' શરૂ સુધારો,
'હેનરી' વિરૂધ—પોપ કહે રે "ધર્મ રક્ષક હમારો." ૨.

પણ 'હેનરી' નું જ ફર્યું રે મન પસાર થયો એક ધારો,
'શાહા બ્રિટન પ્રમુખ દેવળનો' કરે શું રે 'પોપ' લવારો. ૩.

ધર્મ ભક્તિમાં ફેરફાર નવો 'યુનીફૉરમીતી' નો ધારો,
રાણી 'મેરી'ના રે રાજમાં ભાઈ ન રહયો સુધારો સારો. ૪.

પણ 'ઈલીઝાબેથ'ના રે વખતમાં ન રહયો 'કેથલીક' ચારો,
'પ્રોટેસટંટ' કહે રે "રૂડો છે હમારો સુધારો સુધારો." ૫.

મેગનાકારતા.

જીલ્લો—પદ.

(દેખો રે એક રસીઓ રાજન—એ રાહ.)

રાજ રે 'જોન' નું જુલ્મ બેદાદ,
પામવા રેહાઈ ખલ્ક રે શાદ.—૧.

બારસો પંદરમાં 'રનીમીડ,'
લખત 'જોન' થી ખુલી મુરાદ. ૨.

કલમ તેંસઠ ઉમદા ખરી,
'પૅમબ્રોક' 'મારશલ' 'લૅનતન' લવાદ. ૩.

સરત સ્વતંત્રતાની કરી,
સતા સલતનતથી સર્વે આઝાદ. ૪.

એકજ માપ ને એકજ તોલ,
લે રે સોદાગર સફર સવાદ. ૫.

પીતીશન ઓવ રાઈટ.

કાફી—હોરી.

(હોરીકી ભીનક મોરે કાન—એ રાહ.)

અરજ હકની ઠરાવે એ ભાઈ,
રજા 'પાર્લામેંટ' વન ન માંગણી કાંઈ.—૧.

એવી જે માંગણી કબુલ ના કોઈ,
નહીં નહીં તેની તો સજા રે થાઈ. ૨.
રાયથી રખાય ન સીપાહ કોઈ ઘર,
અઠાવીશ સોલસો તણી વધાઈ. ૩.

હેબીઅસ કૉરપસ ઍક્ટ.

ભેરવી—ગજલ.

(કેઆ બેઝાન આઈ ચમનમે—એ રાહ.)

રૂડો ધારો રાજ્ય શુભ સ્વ રક્ષણ અંગનું,
ઓગણોતેર સાલ સોલસૌ કામ સંગ ઉમંગનું.—૧.

કેદમાં રખાય જન કો કદી ન રાયથી,
કરે ન્યાય ન્યાયધીશ કોટક નવા ઢંગનું. ૨.

વખ્ત 'ચાર્લસ બીજો' 'પાર્લામેંટ' પસાર કાયદો,
કારણ રાય રૈયત રંક જંગ અંગ રંગનું. ૩.

સ્ટેમ્પ ઍક્ટ.

બેહાગ.

(રામા મોરી રે ઘાઘરીયાં ફોરી રે—એ રાહ.)

તાજ બ્રિટન રે કરે શું એ કાર કાર,
પાંસઠ સતરસો ને સાલ કાયદો 'સ્ટેમ્પ' નો પસાર.—૧.
જાગ્યું 'અમેરીકા' વેર ઝનુને કહે "છે કર બહુ ભારે રે,
બ્રિટન દરબાર હક નહીં પામીએ જ્યાર,
દઈએ કર એવો શું જ આધાર." ૨.

ધી રેગ્યુલેટીંગ એકટ.

બીહારી—ગજલ.

(સુણુ સખી જાય છે તું—એ રાહ.)

ધારો 'રેગ્યુલેટીંગ' ભાઈ બ્રિટન દરબાર,
સાલ સતરસો તોતેર થયો રે પસાર—૧.
'વૉઇસરાય'—ચાર સભાસદની સભા,
હિંદમાં કરે રે તેઓ રાજ કારભાર. ૨.
'મદ્રાસ' 'મુંબઈ' માં રે નેમ્યા 'ગવરનર.'
લાંચ લે કદી ન લે કોઈ અમલદાર. ૩.

ફૉકસનું બીલ.

રાગ ખંભાત.

(ડોલે રે જો બન મદ માતી—એ રાહ.)

સાલ તેંયાસી સતરસોને 'ફૉકસ' નું બીલ ઠર્યું રે,
હસ્તક બ્રિટન તાજ લેવા રાજ હિન્દનું કર્યું રે.—૧.
પણ તે તો થાયું નહીં સભામાં પસાર રે,
ઠરાવ નાસીપાસ ઉદાસ થાઈ એવી હાર રે. ૨.
દીધું રાજીનામું 'ફૉકસે' પ્રધાનગીરીમાંથી રે,
પછી આવ્યો 'પિત' ભાઈ રાજ્ય મહાન સાથી રે. ૩.

પિતનું બીલ.

ખમાચ તીલાણો.

(તદા રે દાની નીતરૂમ તનન—એ રાહ.)

થયું રે 'પિત' નું બીલ પસાર બ્રિટન,
રાજ હિંદનું વતન જતન.—૧.
'બૉર્ડ ઑાવ કનટ્રોલ' જુવે ચલન,
રાજ રમન સાજ 'ચમન,'
અટકાવે જોર તોર, કરતાં રે નીત દીન. ૨.

બરેતીગ્નીની સુલેહ.

પરજ—તાલાણો. (તાલ અદ્ધો.)

(તનન ધીમ તનન તનન—એ રાહ.)

સુનો સુનો 'બ્રેતીગ્ની' સુલેહ વચન,
સુલેહ વચન સુલેહ વચન,
સંગ 'જૉન' ફ્રાન્સ વતન 'ઍડવર્ડ ત્રીજો,'
બ્રિટન બ્રિટન. —૧.
'જૉન' ખરીદે રે હાઈ, છોડે દાવો તખ્ત ભાઈ,
સાલ સાહાય તેરસો સરત સમન,
મલ્યું નહીં ધન ફર્યો બ્રિટન 'જૉન' ધનધન. ૨.

તરોયઝની સુલેહ.

પરજ કાલંગરો—તોલાણો.

(તનનુમ બાંસરી બાજે—એ રાહ.

થાઈ થાઈ 'ત્રોયઝ' સુલેહ,
'પાંચમો હેનરી' 'છઠ્ઠો ચાર્લ્સ' સંગ બ્રિટન ફ્રાન્સ વતન,
સાલવીસ ચૌદસો ભાઈ વધાઈ. —૧.
સંગ 'કેથેરાઈન' 'હેનરી' લગ્ન,
રક્ષક રાજ થાયો રે;
મરણ રાય 'ચાર્લ્સ' પછી,
ફ્રાન્સ તખ્ત જલ્દ મલવા મલવા—સાઠવીસ. ૨.

ડોવરની છુપી સુલેહ—ચાર્લ્સ રાજાને ઠપકો.

પરજ—ઠુમરી.

(મોરા જગા કે જોબન લૂટા—એ રાહ.)

વાત 'ચાર્લ્સ' આ શું રે ઓ નાદાન,
ઠેક પડજો રે તું પર હયવાન.—૧.

ફ્રાન્સનો રાય 'લુઈ' પંદરમો,
દીધું વચન હાએ અનજાન. ૨.
થવા 'કેથલીક'—મદદ લુઈ,
'સ્પેન' 'વલંદા' હયરાન. ૩.
પ્રથમ વિરૂધ બદલાયો પછી,
રાખીને પૈસાનું ભાન. ૪.

સાલ બાઈની સુલેહ.

સોહેની—ગજલ. (તાલ પસતો.)

(કલસે તું બેકલ અગ્ગે યાર—એ રાહ.)

સુલેહ 'સાલ બાઈ' ખતમ પ્રથમ મરાઠા લડાઈ,
પચીસ હજાર 'રાઘોબા' ને મલે દરમાયોરે કાંઈ.—૧.
પૂર્વે 'પુરંધર' ની સુલેહ સમાન સર્વ સ્થાન રહે,
'ઈંગ્રેઝ' 'ફીરંગી' સીવા કો રહેન સભા મિત્ર થાઈ. ૨.
તજે 'હેદર અલ્લી' જીતવા સંસ્થાન 'કર્ણાટક'માંથી,
મલે 'ભરૂચ' 'સીંધીઆ' ને—સરતો કબુલ બાઈ. ૩.

વસાઈની સુલેહ.

ભેરવ—પ્રભાત (તાલ દાદરો.)

(ઉઠો સજન ભોર ભઈ—એ રાહ.)

સાલ બે અઢાર સોરે સુલેહ 'વસઈ' થાએ,
'બાજીરાવ બીજા' સંગ સરતો લખાએ.—૧.
પેહેલી સરત કરે અદા લાખ છવીસ 'પેશવા'
ખરચ ફોજ ઈંગ્રેજ રાજમાં રખાએ. ૨.
સરત બીજી ત્રીજી કહે હાંકે ખ્રિસ્તી પારકાજ,
છોડે 'સુરત'-કલેશ 'ગાયકવાડ' 'નીઝામ' ન થાય. ૩.
ચોથી સરત દોસ્ત રહે 'પેશવા' બ્રિટનનો
રક્ષણ રાજ્ય બ્રિટિશ કબૂલ રખાય. ૪.

મહમદ ઘઝનવીની બારમી સ્વારી

સોરઠ—ગોડી.

(પીયું મારા વચને પલજો રે—એ રાહ.)

દેખો સુર સમને 'સોમ નાથ' પે, 'સુલતાન' 'ઘઝની' કા આયા.—૧.
હીરા મોતીયન માલ યાકુત, સબહી ખઝાના પાયા. ૨.
રજપૂતરાજહી શુર બતાવે, વોહ 'ચમન' કો ભાયા. ૩.

તૈમુરની ચઢાઈ.

કાનડો.

(કાહે મોએ ગોવાલન ઝટકે—એ રાહ.)

હાંરે ખુન નૈનનમે ખટકે,
જંગ 'ભરત'મે 'તૈમુર' ઝટકે.—૧.
લૂટકે 'દીલ્લી' 'ફત્તા આબાદ,'
પલમે જાનહી પટકે. ૨.
ગય નગરમે ગંજપાકે,
વાંહાં ભય મોર મુવટકે. ૩.

નાદિરશાહની ચઢાઈ.

અડાનો બહાર.

(સો આઈ રૂત બસંત બહાર—એ રાહ.)

હો રહી ધુમવા હિંદકે ધ્વારે,
શાહા જંગવે 'ચમન'મે લાવે લગાવે
તાન ડારે ડારે. —હો રહી૦
શુર 'દીલ્લી' મે લૂટવા જગાવે,
શાહા 'નાદિર' સિધારે સંવારે. હો રહી૦

અહમદશાહ અબદલીની સવારી.

દેશ—ધ્રૂપદ.

(બાજન લાગી બાંસરી બ્રીજ—એ રાહ.)

'અહમદશાહા' રાજહી ગરીયમાં 'કંદહાર' કે જંગ પઠાણ,
સુનો શાહા વારકે. —૧.

સુર સુરસો 'પાનીપત' રજપૂત દીની હાર હાર ડાર.
ખ્વાર જાર માર મારકે. ૨.

વોત તાઈલરનો બળવો.

બેહાગ—ધ્રૂપદ (ચોતાલો.)

(ઉત્તમ ગાએ ગાએ—એ રાહ.)

રે કેવો જ થાએ થાએ, દેખાએ, રંગરાજમાં 'રીચર્ડ,'
સાલ એકયાસી તેરસો સન, કર રે નખાય.—૧.

'વોત તાઈલર વોત,' મસતાન રે, હાણુરે, જાનરે,
જાય, દેખાય, રંગ રાજમાં 'રીચર્ડ,' શાહા, મેદાન,
અપમાન, 'તાઈલર,' નાશરે, મરણ જંગ સમાય. ૨.

જેક કેડનું હુલડ.

બહાર—ચોતાલો.

(આઈ રૂત બસંત બહાર—એ રાહ.)

ભાઈ રૂત તુફાન બહાર બહાર, જુઓ જંગ હારે,
જુઓ જંગ રંગ કારે કારે. —૧.

બ્રિટન શાહા 'જેક કેડ' સંગ દીલ હંકલાવે,
થાવે ઠાર ઠાર કો ખ્વારે. ૨.

સમાપ્ત.